
ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૦ અંક: ૧૨ ડિસેમ્બર: ૨૦૧૮ સળંગ અંક : ૫૬૬

# વિ-વિદ્યાનગર



चरूतर विद्यामंडल – वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते ।

CHARUTAR VIDYA MANDAL
(Est: 1945)
Vallabh Vidyanagar-388120
www.vvidyanagar.co.in












ચારુતર વિદ્યામંડળ, ચારુતર આરોગ્ય મંડળ તથા ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળીના સંયુક્ત ઉપક્રમે નૂતન વર્ષ નિમિત્તે યોજાયેલ સ્નેહમિલન પ્રસંગે મંચસ્થ સીવીએમના અધ્યક્ષશ્રી ઇજનેર ભીખુભાઇ પટેલ, માનદ સહમંત્રીશ્રીઓ શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, પ્રિ. આર.સી. તલાટી, શ્રી મેહુલભાઇ પટેલ, ચારુતર આરોગ્ય મંડળના માનદ મંત્રીશ્રી જાગૃત ભાઇ ભટ્ટ, ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળીના માનદમંત્રીશ્રીઓ દિનેશભાઇ પંડ્યા તથા ધવલ પટેલ દશ્યમાન થાય છે. અન્ય તસવીરોમા દિપપ્રાગટ્ય કરતા મહાનુભાવો તથા નવ વર્ષ નિમિત્તે શુભેચ્છા પાઠવતા સીવીએમના અધ્યક્ષશ્રી તથા માનદમંત્રીશ્રી ડૉ.એસ.જી. પટેલ નજરે પડે છે.

# વિ-વિદ્યાનગર

**ચારુતર વિદ્યામંડળ પ્રકાશન**

**ડિસેમ્બર - ૨૦૧૮**

વર્ષ: ૨૦ અંક: ૧૨

સળંગ અંક: ૫૬૬

**ISSN 0976-9609-V Vidyanagar**





**તંત્રી**

**ઉર્વીશ છાયા**

**પરામર્શન**

**નરેશ વેદ • રાજેન્દ્રસિંહ જાડેજા**

**જયન્ત ઓઝા • ભગીરથ બ્રહ્મભટ્ટ**

**આર.પી. પટેલ**

**સંપાદન-સહાય**

**અનિતા એ. સાળુંકે**

**પ્રકાશક**

**ડૉ.એસ.જી. પટેલ**

**માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ**

**વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦**

•

**મુદ્રક**

**આણંદ પ્રેસ, ગામડી- આણંદ**

**ચારુતર વિદ્યામંડળ**

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

**સ્થાપના વર્ષ: ૧૯૪૫**

*कर्मण्येवाधिकारस्ते*

**અધ્યક્ષ**

શ્રી ભીખુભાઈ બી. પટેલ

**માનદ મંત્રી**

ડૉ.એસ.જી. પટેલ

**કુલપતિ**

ડૉ. ભાવેશ પટેલ

**માનદ સહમંત્રીઓ**

શ્રી બી.પી. પટેલ • શ્રી એમ.જે. પટેલ • શ્રી મેહુલ ડી. પટેલ

શ્રી આર.સી. તલાટી• શ્રી વી. એચ. પટેલ • શ્રી કે.એસ. પટેલ

**ડાયરેક્ટર જનરલ**

ડૉ. એન.એમ. ઝવેરી


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેકનોલૉજી, હૉટેલ મૅનેજમેન્ટ ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કોલેજ.


**• અંકની છૂટક કિંમત: ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમ: ₹ ૧૫૦/-**

**• વિદ્યાર્થી લવાજમ: ₹૧૦૦/- • આજીવન લવાજમ: ₹૧૫૦૦/-**

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**

**'વિ-વિદ્યાનગર' www.vvidyanagar.co.in પર મુકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.**

**दिक्कालाद्यन वच्छिन्नानन्त चिन्मात्रमूर्तये।**
**स्वानुभूत्येकमानाय नमः शान्ताय तेजसे ॥**

દિશાઓ અને કાળથી પરિપૂર્ણ, અનન્ત, કેવળ ચૈતન્ય સ્વરૂપ અને જાત અનુભવ જે તે પ્રમાણ છે, તેવા શાંત અને તેજો રૂપ પરબ્રહ્મને પ્રણામ હો.

(સંકલન કર્તાઃ પ્રિ. ઘનશ્યામસિંહ એન. ગઢવી)

**આ માસની વિચારકણિકા**

નીચ દૃષ્ટિ તે નવ કરે, જે મોટા કહેવાય,
શત લાંઘણ જો સિંહ કરે, તોયે તૃણ નવ ખાય.
(- 'લોકવાણી' અમીઝરણામાંથી સાભાર)


॥ કુલપતિની કલમે ॥
Ancient Indian System of Education
• Dr. Bhavesh Patel 3
॥ પ્રાથમ્ય ॥ જીવનયાત્રાનાં સોપાનો
• એસ.જી. પટેલ 5
॥ આપણો વૈભવ અને વારસો ॥ (પદ્ય વિભાગ)
ધીરો ભગત, દલુ વાણિયો,
તુલસીદાસ, મીરાંબાઈ 7
॥ આપણો વૈભવ અને વારસો ॥ (ગદ્ય વિભાગ)
કેળવણીનાં મૂળ તત્ત્વો
• કાકાસાહેબ કાલેલકર 8
॥ નવાં કાવ્યો ॥ કિશોર બારોટ, નરેશ સોલંકી
શૈલેશ ગઢવી, ગૌતમ વકાણી 9
॥ ચિંતન ॥ ભારતીય એટલે કોણ?
• નરેશ વેદ 10
॥ વાર્તા ॥ નાથ-અનાથ
• મનહર રવૈયા 13
॥ અભ્યાસ ॥ ઔપનિષદીયમ્
• જી એન. ગઢવી 15
॥ અભ્યાસ ॥ ચકલાસીના બાહોશ રણછોડ વીરા...
• બી. એન. ગાંધી 19
॥ ચિંતન ॥ જીવન એક ઉત્સવ
• ઈશ્વર વાઘેલા 20
॥ રમત-જગત ॥ ક્રિકેટના ભીષ્મપિતામહઃ....
• પી.ડી. શર્મા 22
॥ શિક્ષણ ॥ Didactics of Modern day Pedagogy
• Sagar Desai 24
॥ વિદ્યાવૃત્ત ॥ 25

# Ancient Indian System of Education

**Dr. Bhavesh Patel**

Ancient India's education system can be also known as Vedic education system, which was essentially spiritual and religious in character, yet it did not ignore the material aspect. Gurus took personal care of students resulting into a multi-dimensional development of students. It is believed that the Vedic education system achieved a remarkable success in character-formation, development of personality, and in making contributions to knowledge in all branches of learning, social wellbeing, material prosperity and moreover in spiritual upliftment of people and society.

Ancient education system is often divided into several phases like (a) Vedic age (b) later Vedic age (c) Sutras and Epics age (d) Brahmanic age and (e) Buddhist age. Each age brought some important changes in the education system in ancient India. These changes reflected the changing needs of the society. For this article we will consider ancient education system as one, without reference to the ages in which it is divided. This is justified for the reason that the ancient education system in India through these ages has remained focused on imparting education for satisfying the immediate and ultimate needs of individual (person) and collective (society) body, mind and soul.

Ancient social system as well as education system was based on the assumptions that people are not born equally and individual differences must be recognized. Based on this assumption the social system was designed into four castes (varnas) namely, Brahmins, Kshatriya, Vaisyas and Sudras. This classification was not based on birth but based on individual capacity, assessed by Guru early on in the education system, and education was imparted accordingly.

The contents of education were drawn from the deeper philosophy about the life. This philosophy is reflected in the concept of four Ashramas in which the life expectancy of one hundred years was equally divided. These Ashramas are Brahmacharya (student), Grihastha (householder), Vanaprastha (retired) and Sannyasa (renunciate) Ashramas. Education system prepared students for healthy and meaningful living in all the four Ashramas and for fulfilling their duties through the life.

This philosophy helped in dividing all fields of knowledge in two broad streams, the paravidya (the higher or spiritual knowledge) and the aparavidya (the lower knowledge, the secular sciences needed to live comfortable life.) A balanced combination of both was advocated so that the individuals and society can benefit in material, emotional and spiritual terms. The content of education was designed to address the superior need of soul, mind and body and delivered to foster self-control, discipline and morality. Of course, the level of education in each field was different for different students depending upon

one’s ability and interest.

In the early Gurukul system, a Guru would assess student’s faith in Guru and self-confidence to believe he/she will be able to understand the import of the scriptures with their teacher’s help. Based on this assessment on various criteria each student was imparted different knowledge at appropriate level to suit one’s capability, interest, preparedness and commitment.

Methods of education included oral (memorizing), reliable testimony (evidence of correctness of material), Chintan (thinking and manan), niddhyasana (comprehension), right kind of reasoning (through debate, discussion and dialogue) and personal experience (practice or project-based learning).

The emphasis was also on building bodily and mental strength. Each student was required to provide physical labour and collect alms from the nearby villages for Guru and Ashram, look after cows and milk them, etc. This prepared the students with life-skills and prepared minds for undertaking any kind of work without specific likes and dislikes. Team spirit is fostered through this mechanism. Spiritual study initially focussed on developing mind and then on true knowledge of Brahman. The emphasis was on observing Brahmcharya, meaning bodily and mental restrains to conserve the energy, which can be directed towards learning intended things.

While Gurukuls were imparting education, there were Parishads also, called Brahaman-Sangh (meaning Academies for advance study and research) were engaged in creating new knowledge. There were Sammelans (conferences) also, where great kings would invite scholars for discussion, debate and deliberations and give awards to best scholars.

The ancient education system was not institutionalised until around the Buddhist age. The institutional approach in higher education started in 600 BC with setting up of Taxila University 20 miles in the West of Rawalpindi. Subsequently a few more Universities were established in ancient India. Important of them are; Nalanda (Bihar), Valabhi (capital seat of the Maitraka Kings), Vikramshila, (Nordhan Magadh), Odantapuri, Magadh, Jagaddala (Bengal), Mithila and Nadia (Bengal). Many of these Universities attracted several international students too. Needless to mention that these Universities were patronized by Kings.

Bhavesh Patel, Ph. D.
Kulpati
Charutar Vidya Mandal

The thoughts presented in here are culminated from three main sources: (a) Swami Bhaskarananda (2009) “Journey from Many to One: Essential Advait Vedanta”, Viveka Press, (b) Shree Aurobindo (1974) Rashtriya Kelavani, a compilation of some work f Shree Arvind, Arvind Ashram, Pondicherry and (c) Indian Educational System: An Overview of the Ancient Indian Education, Link: http://content.inflibnet.ac.in/data-server/eacharya-documents/548158e2e41301125fd790cf_INFIEP_72/77/ET/72-77-ET-V1-S1__l_.pdf

## જીવનયાત્રાનાં સોપાનો

એસ.જી. પટેલ

આપણો જયારે જન્મ થાય છે ત્યારથી જીવનયાત્રા શરૂ થાય છે. આ યાત્રાનું અંતિમ સ્ટેશન મૃત્યુ છે. સમગ્ર જીવન દરમ્યાન ભરાતાં દરેક ડગલાં મૃત્યુ તરફ જ મંડાતાં હોય છે, છતાં આપણે સૌ મૃત્યુથી ડરીએ છીએ. ભગવાન બુદ્ધના કહેવા પ્રમાણે- સમસ્યા એમાં સમાયેલ છે કે આપણે માની લીધું છે કે આપણી પાસે ઘણો સમય છે. જેઓ ખરેખર જીવનથી ગભરાય છે એમને જ મૃત્યુનો ડર લાગે છે, પરંતુ જે મનુષ્ય પોતાનું જીવન ભરપૂર રીતે જીવે છે તે કોઇપણ ક્ષણે મૃત્યુને ભેટવા તૈયાર હોય છે. આપણે જીવતા હોવા છતાં આપણી ભીતરમાં જ કંઇક મરી પરવારે ત્યારે સમજવું કે તે મૃત્યુ કરતાં પણ વધારે ખતરનાક બાબત છે. એટલે જિંદગી એવી રીતે જ જીવવી જોઇએ કે જેવી રીતે આપણે જીવવાની કલ્પના કરી હોય. ભગવાન બુદ્ધ કહે છે કે, છેલ્લે તો એ મહત્ત્વનું છે કે- તમે જીવનભર કેટલી સારી રીતે પ્રેમ કર્યો? તમે કેટલી પૂર્ણતાથી જીવન જીવ્યા? તમે કેટલા ઊંડાણથી માયા છોડી શક્યા?

આપણા જીવનને સંવર્ધન કરનાર છેવટે તો મૃત્યુ જ છે. માટે આપણે જેટલું મૃત્યુને યાદ રાખીને જીવી શકીએ તેટલી જ જિંદગી આપણા જીવનમાં ઉમેરી શકીએ. જ્યારે આપણે મૃત્યુને ભૂલી જઇએ છીએ ત્યારે જ ક્યાંક ખોવાઇ જવાય છે. મૃત્યુનું સતત દર્શન અને યાદ જ આપણને સારા માનવી બનાવે છે. મૃત્યુ જ આપણા જીવનનો અને અધ્યાત્મ યાત્રાનો તારણહાર છે એ કદી ભૂલવું નહીં.

આપણને એકલવાયું જીવન પસંદ નથી. આપણે સમાજમાં વિવિધ સંબંધોની જાળમાં જીવન જીવીએ છીએ. આ સંબંધોમાં આપણી વિવિધ ભૂમિકાઓ હોય છે. તેથી આપણું જીવન ભૂમિકાઓમાં જ જીવાય છે. આપણી મનોસ્થિતિ અને ઉપસ્થિતિમાં જ અધ્યાત્મ પ્રગટે છે. આપણી ભૂમિકામાં જ આપણું હોવાપણું નિખરે છે. આ ભૂમિકાઓની સાપેક્ષે અધ્યાત્મ-સાધના કરી શકીએ છીએ. જ્યારે આપણે મનની ઇચ્છાઓથી દોરવાઇએ છીએ ત્યારે સંબંધો પ્રત્યે આપણી ઇચ્છાઓ પ્રગટ થતી હોય છે. જયારે આપણા સાંસારિક જીવનમાં જીવનસાથી અપેક્ષાઓ પ્રમાણે જ વર્તન કરે અને સંતાનો આપણી અધૂરી ઇચ્છાઓ પૂરી કરવા મહેનત કરે ત્યારે આપણે સ્વકેન્દ્રી મનોસ્થિતિ ભોગવીએ છીએ.

જયારે આપણે અહંકારવશ જીવન જીવીએ ત્યારે આપણે દરેક સંબંધનો ઉપયોગ અભિમાન લેવા લલચાઇશું. કોઇક સંબંધી કંઇક ગૌરવજનક મેળવે. ત્યારે આપણે તેમના સંબંધી હોવાને નાતે મનોમન ફુલાઇશું, પરંતુ કોઇક સંબંધીનો શરમજનક વર્તાવ થાય ત્યારે આપણો અહંકાર ઘવાશે. આપણને દુઃખ થશે અને ગુસ્સો આવશે. તેથી આપણે જેવા છીએ તેવા સંબંધોમાં છતા થવાનાં જ છીએ. માટે કહી શકાય કે સંબંધો આપણા હૃદયને જોવાના અરીસા સમાન છે. આમ આવા અરીસામાં આપણું પ્રતિબિંબ જોઇને આપણી ઓળખ આપણને થાય છે. હવે, સમજવાનું એ છે કે આપણે સંબંધોમાં બીજાને બદલવા મથીએ છીએ કે આપણે સંબંધોને અરીસા તરીકે ઉપયોગી કરી સ્વવિકાસ કરીએ છીએ. જો આપણે આપણી દરેક ભૂમિકા માટે નિર્ધારિત સિદ્ધાંતો કે મૂલ્યોને કેન્દ્રસ્થાને રાખી વ્યવહાર કરતા રહીએ તો નવા નિયમો લેવાની જરૂર રહેતી નથી.

સંતોષકારક જીવન પામવા સંસારનો ત્યાગ કરી વનવાસ લેવાની કોઇ જરૂર નથી. આપણે તો આ વિશ્વમાં સંસારને અને સંબંધોને ભરપૂર રીતે માણવા છે. તેથી સંસારમાં ઓતપ્રોત થઇ અલિપ્ત જીવન જીવવું છે. સ્થિતપ્રજ્ઞતા સાથે ભાવસભર પણ બનવું છે. દરેક ભૂમિકામાં શ્રેષ્ઠતા જાળવવી છે. દરેક સંબંધ દ્વારા આપણા હૃદયને પવિત્ર અને શુદ્ધ બનાવવું છે. જીવનના અનુભવો બરાબર પચાવી એમાંથી મળતી ખુશી દરેકને વહેંચવી છે.

આપણા સરળ અને સુખમય જીવન માટે સંબંધો મહત્ત્વની ભૂમિકાઓ ભજવે છે. બધા સંબંધોને મૂલવવાનાં પરિમાણો અને પરિપ્રેક્ષ્ય અલગ અલગ હોઇ શકે છે. માતા પિતાની આપણા જીવનમાં જે ભૂમિકા હોય છે તેના કરતાં સંતાનો આપણને નવા નવા અવસરો પૂરા પાડે છે. સામાજિક દૃષ્ટિકોણથી જુદા જુદા સંબંધો જુદી જુદી ભાવનાઓ જાગૃત કરે છે. પરંતુ દરેક સંબંધમાં જે વ્યવહારો થાય છે એ જીવનની નવી જ ભાત પાડે છે. આપણા બધા સંબંધોમાં લગ્નનો સંબંધ સૌથી નિકટતમ સંબંધ છે. માતાપિતા કે જન્મથી મળેલ કુટુંબમાં આપણી પસંદગી નથી હોતી, પરંતુ લગ્ન આપણને પસંદગીનો અવસર આપે છે. લગ્નથી શરૂ થતું જીવન આપણી ઇચ્છાધીન બનાવી શકીએ આ સંબંધથી મળતી ખુશી-નાખુશી સંતોષ-અસંતોષ માટે આપણે પોતે જ જવાબદાર બનીએ છીએ. લગ્નજીવનમાં એક બીજા પ્રત્યેની અપેક્ષાઓ ઘણી ઊંચી રહે છે, છતાં પરસ્પરની જવાબદારીઓ સમજી લેવામાં આવે તો તેઓ એકમેક સાથે ખરેખર ઊંડી આત્મીયતા અને સંવાદિતા અનુભવે છે.

લગ્નજીવનથી એક ડગલું આગળ વધીએ તો કુટુંબ જીવન ગણી શકાય. કુટુંબ આપણા માટે વિશ્વનો એકમ બને છે. કુટુંબ પ્રયોગશાળામાં પ્રેમના પદાર્થપાઠ શીખતાં જીવન જીવવાનાં મહાન રહસ્યો જાણવા મળે છે. ડૉ. સ્કોટ પેકના મતે કુટુંબ એ પર્વતારોહણના બેઝ કેમ્પ સમાન છે. બેઝ કેમ્પ પર્વતારોહણ કરવા માટે ખૂબ આવશ્યક સુવિધાઓ પૂરી પાડે છે. તેમ કુટુંબ આપણને મૂળભૂત જરૂરિયાતો, સલામતી અને પ્રેમ-સ્વીકાર પૂરા પાડે છે. તેનાથી આત્મસન્માન સચવાય છે અને પ્રાપ્તિઓ દ્વારા સ્વવિકાસ કરવાની ઉમદા તક મળે છે. આપણે એક જવાબદાર મનુષ્ય છીએ, તેથી જવાબદાર કુટુંબીજન બનવાનું છે. આપણા કુટુંબ પ્રત્યે આપણી શી ફરજો છે તે જાતે જ નક્કી કરવું પડે. તે ફરજો કુટુંબના તમામ સભ્યો પ્રત્યે પૂરાં પ્રેમ અને નિસબતથી બજાવવાની છે. આપણો કુટુંબ સાથેનો સંબંધ પરસ્પરની નબળાઈ પોષવાનો ક્યારેય ન થવો જોઈએ. આપણા કુટુંબને આપણે મૂળિયાં અને પાંખો જ આપવાની છે, જેનાથી આ સંબંધો માત્ર લોહીના સંબંધોથી સીમિત ન બની જાય. આપણા સહૃદયી સજીવને સાવધાન કરતાં કવિ કલાપી કહે છે-

જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની,
આંસુ મહીંયે આંખથી યાદી ઝરે છે આપની.

તારા ઉપર તારા તણા ઝૂમી રહ્યાં છે જે ઝૂમખાં,
તે યાદ આપે આંખને ગેબી કચેરી આપની.

આ ખૂનને ચરખે અને રાતે હમારી ગોદમાં,
આ દમ-બ-દમ બોલી રહી ઝીણી સિતારી આપની.

દેખી બુરાઈ ના ડરું હું, શી ફિકર છે પાપની?
ધોવા બૂરાઈને બધે ગંગા વહે છે આપની

થાકું સિતમથી હોય જ્યાં ના કોઈ ક્યાંયે આશના,
તાજી બની ત્યાં ત્યાં ચડે પેલી શરાબી આપની

જ્યાં જ્યાં મિલાવે હાથ યારો ત્યાં મિલાવી હાથને,
અહેશાનમાં દિલ ઝૂકતું, રહેમત ખડી ત્યાં આપની.

ભૂલી જવાતી છો બધી લાખો કિતાબો સામટી,
જોયું ન જોયું છો બને જો એક યાદી આપની.

કિસ્મત કરાવે ભૂલ તે ભૂલો કરી નાખું બધી,
છે આખરે તો એકલી ને એ જ યાદી આપની.

(માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર)

## લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર 'વિ-વિદ્યાનગર' માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં 'વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી' એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. 'વિ-વિદ્યાનગર'માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

'વિ-વિદ્યાનગર' સામયિક હવે સામયિકની વેબસાઈટ www.vvidyanagar.co.in પર દર મહિને મુકાય છે. સામયિકના ગ્રાહકો-વાચકોના પ્રતિભાવો, સૂચનો અને પ્રકાશનને લગતી અન્ય માહિતી માટે વેબસાઈટની મુલાકાત લેશો. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં editor.vidyanagar@gmail.com પર પણ પાઠવી શકો છો.

## એવા સંત મળે સાચા રે, અગમની તે ખબર કરે...

**ધીરો ભગત**

સંત મળે સાચા રે, અગમની તે ખબર કરે,
ભાવે ભેટું એને, એને રે, સરવે મારું કારજ સરે....
એવા સંત...
ઊલટી સરિતા ચડે ગગન પર, વિણ વાદળ વરસાય,
વિના આભ વીજળી ચમકે, ગેબી ગરજના થાય;
ધીરે ધીરે વરસે રે, વરસીને ઇ અભર ભરે....
એવા સંત...
તેતરડે સિંચાણો પકડયો, સસે સપડાવ્યો સિંહ,
કાયર ખડગ કાઢીને દોડ્યો, ત્યારે શૂરે પાડે ચીંહ;
માંજારી ચૂહે મારી, મારી રે, રૈયતથી તો રાજા ડરે.
એવા સંત...
વિના વાજિંત્ર વાજાં વાગે, વિના કંઠ હોય ગાન,
દો કર વિના તાળી વાજે, તોલ વિના જડે માન;
વિના વાડી પુષ્પ જ રે, પદ્મ વિના ભ્રમર ફરે...
એવા સંત...
વિદેહની વારતા મરજીવા, માની માની હરખાય,
ગુરુગમવાળા સંત મળે તો, લળી લળી લાગું પાય;
દાસ ધીરો કહે છે રે, ત્યારે મારું મનડું ઠરે...
એવા સંત...

## હેલો મારો સાંભળો રણુજાના રાય..

**દલુ વાણિયો**

હેલો મારો સાંભળો ને રણુજાના રાય
હુકમ કરો તો પીર જાત્રાયું થાય,
મારો હેલો સાંભળો હો જી.
રણુંજાના રાજા, અજમલ જીના બેટા,
વીરમદેના વીરા, રાણી નેતલના ભરથાર,
મારો હેલો સાંભળો હો જી...
હે જી રે મારો હેલો સાંભળો હોજી...૦
વાણિયો ને વાણિયણ જાત્રાએ જાય,
માલ દેખી ચોર એની વાંહે વાંહે થાય...
મારો હેલો સાંભળો હોજી...૦
ઊંચી ઊંચી ઝાડીયું ને વસમી છે વાટ,
બે હતા વાણિયા ને ત્રીજો મળ્યો ચોર....
મારો હેલો સાંભળો હોજી...૦
ઊંચ ઊંચા ડુંગરા ને વચમાં બોલે મોર,
મારી નાખ્યો વાણિયો ને માલ લઇગ્યા ચોર ...
મારો હેલો સાંભળો હોજી...૦
ઊભી ઊભી અબળા કરે રે પોકાર,
સોગઠે રમતા પીરને કાને ગ્યો અવાજ ...
મારો હેલો સાંભળો હોજી...૦
લીલુડો છે ઘોડલો ને હાથમાં છે તીર
વાણિયાની વારે ચડયા રામદેવ પીર...
મારો હેલો સાંભળો હોજી...૦

## અપરંપાર પ્રભુ અવગુણ મોરા માફ કરોને મોરારી રે...

**તુલસીદાસ**

અપરંપાર પ્રભુ અવગુણ મોરા,
માફ કરો ને મોરારી રે...
ધ્યાન ન જાણું, ધરમ ન જાણું, અધર્મનો અધિકારી રે,
પાપી પૂરો, જૂઠા બોલો, નિરખું છું પરનારી રે...
- અપરંપાર પ્રભુ અવગુણ મોરા...૦
સાધુ દુભાવ્યા, બ્રાહ્મણ દુભાવ્યા, સંતો દુભાવ્યા ભારી રે,
માતપિતા બન્નેને દુભાવ્યા, ગરીબકું દીની ગારી રે...
- અપરંપાર પ્રભુ અવગુણ મોરા...૦
ભજન હોય ત્યાં નિંદરા આવે, પર નિંદા લાગે પ્યારી રે,
મિથ્યા સુખમાં આનંદ પામું, બહુ કરૂં હોશિયારી રે...
- અપરંપાર પ્રભુ અવગુણ મોરા...૦
સંસારસાગર મહાજળ ભરિયો, ચહુ દિશ ભરિયો ભારી રે
તુલસીદાસ ગરીબ કી બિનતી, અબ લ્યો નાથ ઉગારી રે...
- અપરંપાર પ્રભુ અવગુણ મોરા...૦

## ગોકુળિયામાં આવે કાનો! ગોકુળિયામાં આવે,

**મીરાંબાઇ**

કાનુડાને કે' જો એકવાર...
ગોકુળિયામાં આવે કાનો! ગોકુળિયામાં આવે,
કાનુડાને કે' જો એકવાર ગોકુળિયામાં આવે...૦
નાનાં નાનાં હતાં તે દી ભેળાં ભેળાં રમતા રે,
તમારા વિના કાનુડા! ભોજનિયાં ન ભાવે...
કાનુડાને કે' જો એકવાર ગોકુળિયામાં આવે...૦
બાળપણાની મારી પ્રીત રે ઘણેરી રે,
તમારા વિના બીજું નજરે ના' વે...
કાનુડાને કે' જો એકવાર ગોકુળિયામાં આવે...૦
રાણી રાધાજીના મોલ રે તજીને
કુબજાને મોલે વા' લો મોજ મનાવે...
કાનુડાને કે' જો એકવાર ગોકુળિયામાં આવે...૦
બાઇ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ
તમને ભજ્યા વિના હવે નિંદરૂં ન આવે...
કાનુડાને કે' જો એકવાર ગોકુળિયામાં આવે...૦

॥ આપણો વૈભવ અને વારસો ॥ (ગદ્ય વિભાગ)

## કેળવણીનાં મૂળ તત્ત્વો

**કાકાસાહેબ કાલેલકર**

જ્યાં સુધી કેળવણી સત્તાને સ્વીકારે છે ત્યાં સુધી કેળવણી કવાયત કસરત કરતાં વધારે મહત્ત્વ ભોગવવાની નથી. કેળવણીને સાર્વભૌમ બનાવવી હોય અને એ વાટે દુનિયાને નવો રસ્તો દેખાડવો હોય તો કેળવણીમાં સત્તાનો સંપૂર્ણ બહિષ્કાર હોવો જોઇએ. કેળવણીના આદર્શમાં, કેળવણીની રચનામાં અને કેળવણીની સંસ્થાઓમાં વ્યવસ્થા ગમે તેટલી અગ્રહ ભરેલી હોય પણ એમાં સત્તાને તો સ્થાન ન જ હોવું જોઇએ. કેળવણીનો પ્રથમ ઉદ્દેશ સત્યની શોધ કરવાનો છે. સત્યનો પ્રચાર કરવાનો છે, સત્યને આત્મસાત્ કરવાનો છે. એ સત્તાથી કોઇ કાળે થાય નહીં. સત્ય અને સત્તાનો વિરોધ આત્યંતિક છે. જ્યાં સત્તા છે ત્યાં સત્ય નિષ્પ્રાણ થાય છે. સત્તાને ઓગાળી નાખ્યા વગર સત્ય પ્રસ્થાપિત થાય જ નહીં.

કેળવણીનું બીજું તત્ત્વ તે શ્રદ્ધા અને નમ્રતા છે. બીજા આગળ શિર ઝુકાવવાની વૃત્તિને લોકો નમ્રતા તરીકે ઓળખે છે. ખરી નમ્રતા એ નથી. મોટેરાં જે કહે, શાસ્ત્રો જે કહે તે વગર વિચાર્યે સ્વીકારવાની જડતાને લોકો શ્રદ્ધા તરીકે ઓળખે છે. ખરી શ્રદ્ધા એ નથી. ડૉ. ભાંડારકરે એક વખત શ્રદ્ધાનો અર્થ કર્યો હતો The Open Mind શ્રદ્ધાની આટલી સુંદર વ્યાખ્યા બીજી ન હોઇ શકે. કોઇ પણ વસ્તુ વિશે વગર વિચાર્યે અનુકૂળ કે પ્રતિકૂળ ગ્રહ ન બાંધવો અને એ વસ્તુને અનુભવની કસોટીએ ચડવાની તક આપવી એનું નામ તે શ્રદ્ધા. એ શ્રદ્ધા પાછળ રહેલી નમ્રતા એટલી જ કે આપણે સર્વજ્ઞ નથી. મનુષ્યજાતિનો અનુભવ અલ્પ છે. અનુભવના ક્ષેત્રમાં આજે ન આવી શકે એવી કેટલીયે વસ્તુ પડેલી છે જે આપણા જીવન ઉપર જબરદસ્ત અસર કર્યે જ જાય છે. આપણે ઘણું જાણવાનું છે, સત્યનો નવો નવો સાક્ષાત્કાર કરવાના છીએ, એ જાતની અપેક્ષા ને ઉત્કંઠા એનું નામ નમ્રતા. શ્રદ્ધા ને નમ્રતા દરેક વિદ્યાર્થી માટે સ્વાભાવિક હોવાં જોઇએ. એ જ્યાં નથી ત્યાં કેળવણી શક્ય નથી. શ્રદ્ધા-નમ્રતાનો અભાવ એ જડતાનું એટલે ઘડપણનું લક્ષણ છે.

કેળવણીનું ત્રીજું તત્ત્વ હિંમત ગણાય. કેળવણીનો અર્થ જ એ છે કે આપણે અજ્ઞાનના ક્ષેત્રમાં મુસાફરી કરવા માંગીએ છીએ. જે સમુદ્રના નકશાઓ આપણી પાસે નથી એવા સમુદ્રમાં આપણે આપણું સર્વસ્વ સાથે લઇ આપણું વહાણ હંકારવાના છીએ. હિંમત વગર એ થઇ ન શકે. માણસ પોતાનું સર્વસ્વ-જીવનસર્વસ્વ-જોખમમાં મૂકી શકે એ વૃત્તિનું નામ આસ્તિકતા છે એ આસ્તિકતા પણ કેળવણીના પાયામાં રહેલી છે કે હું કલ્યાણ માર્ગે જાઉં છું, મારું અકલ્યાણ થવાનું નથી, મારો વિનાશ નથી. ભારે ખમવું પડે તો ફળ પણ એટલું જ ભારે મળવાનું છે. મારો પ્રયોગ એળે તો જવાનો જ નથી, એ જાતનો વિશ્વાસ તે આસ્તિકતા. એ જ્યાં હોય ત્યાં ગમે તેટલી હિંમત કરતાં, હામ ભીડતાં, માણસ અચકાય નહીં. આજના કેળવણીકારો, અધ્યાપકો અને શિક્ષકો આ કસોટીએ કસતાં એવા તો પામર દેખાય છે કે એમના હાથમાં કેળવણી જેવું પવિત્ર કાર્ય શી રીતે ગયું એનું જ આશ્ચર્ય થાય છે. સાચી કેળવણી જાગશે ત્યારે આખું ટોળું એની મેળે ખરી પડશે. અગ્નિને જોઇ જાનવરો જેમ ભાગે છે તેમ.

કેળવણીનું ચોથું તત્ત્વ તે અમીદૃષ્ટિ છે. પોતાનો સ્વાર્થ જરાય આડે આણ્યા વગર બધાનું હિત થાઓ. હમેશનું હિત થાઓ એ જાતની સદ્ભાવના એ અમીદૃષ્ટિ છે. પરોપકાર કેળવણી માટે કેળવાયેલો સદ્ગુણ ન હોય, એ સ્વાભાવિક જ હોવા જોઇએ. ''મારે આ જિંદગીમાં શું સાથે લઇ જવાનું છે કે હું પક્ષપાત કરું ? મારે મન બધા સરખા, બધાનું હિત જોઇને જ હું રાજી થાઉં. બીજું સુખ હું જાણું જ નહીં તો પછી તેને માટે હું મથું શી રીતે!'' એ જાતની વૃત્તિ તે કેળવણીની વૃત્તિ. સત્તા સાથે છૂટાછેડા કર્યા પછી કેળવણીને હાથે દુનિયાનું અકલ્યાણ થવાનું કારણ જ નથી. જો અજ્ઞાન સાથે, રૂઢિ સાથે અથવા આળસ સાથે કેળવણી માંડવાળ કરે તો તે કેળવણીની આત્મહત્યા છે. પછી એને હાથે દુનિયાનું કયું અહિત નહીં થાય એ કહેવું જ મુશ્કેલ છે. કેળવણી એટલે અખંડ જાગૃતિ, અખંડ શુદ્ધિ અને અખંડ પ્રગતિ. તે આવી અમીદૃષ્ટિ વગર સંભવે નહીં. જેટલાં એકાંગી તત્ત્વો છે તે બધાં કેળવણીનાં વિરોધી છે. જે સંપૂર્ણ છે, સર્વાંગીણ છે, વ્યાપક છે, ચિરંતન છે, તે જ કેળવણીને અનુકૂળ છે.

('જીવનનું કાવ્ય' - કાકાસાહેબ કાલેલકર માંથી)

॥ નવાં કાવ્યો ॥

## ૐ મિત્રાય નમઃ

**કિશોર બારોટ**

છે જગત ઉજાળનારો સૂર્ય સાચો દોસ્ત થઇ
ચેતના પ્રસરાવનારો સૂર્ય સાચો દોસ્ત થઇ

બંધ બારીની જીણી તીરાડમાંથી પણ ઘૂસી
છે તિમિર ઉથલાવનારો સૂર્ય સાચો દોસ્ત થઇ

આજ માથું દુખતું'તું એટલે મોડું થયું
ના બહાના કાઢનારો સૂર્ય સાચો દોસ્ત થઇ

ધખધખે છે તે કરોડો ડિગ્રીએ એથી જ તો
જગ ઉપર રહેતો હૂંફારો, સૂર્ય સાચો દોસ્ત થઇ

છે ઉદયનો અસ્ત નક્કી, ને ફરી નક્કી ઉદય
સત્ય એ સમજાવનારો, સૂર્ય સાચો દોસ્ત થઇ

(૧૭, રતન બંગ્લોઝ, રાધાસ્વામી સત્સંગ હોલ પાછળ, લકુલેશ નગર સામે, આજવા રોડ, વડોદરા-૧૯, મોઃ ૯૯૨૫૨૫૨૨૯૦)

**નરેશ સોલંકી**

ખોબો જળની માફક મુઠ્ઠી અજવાળું દે
અંધકારની વાતો મૂકી અજવાળું દે

રાત હજી તો અડધી ગઇ છે ને ઉપરથી
મીણબત્તીની કાયા ખૂટી અજવાળું દે

ક્યાંક કાચની કરચ વાગશે પગલાંઓને
બરણી પગની પાસે ફૂટી અજવાળું દે.

દસ ડગલા જ્યાં ચાલે માણસ ગુમ થઇ જાતો
દસે દિશાઓ માંગે ઝૂકી અજવાળું દે

મગ ને ચોખા ભળે એમ સૌ અક્ષર ભળતા
તેથી કાગળ બેઠો રૂઠી અજવાળું દે

(મવડી પોલીસ હેડ ક્વાર્ટર, બ્લોક નં.૪, ક્વાર્ટર નં.૪૦, નાના મવા રોડ, રાજકોટ મોઃ ૯૯૦૪૩૬૨૨૩૦))

## વૃક્ષ ભેજે હવાયું નથી.

**શૈલેશ ગઢવી**

સ્પંદનોમાં હૃદય ઓળખાયું નથી,
ગીત કંઠે સ્વયંનું ગવાયું નથી.

આ પ્રમાણે હયાતી નિભાવી બધે,
સિંહને દેખી સસલું લપાયું નથી.

કાચી સમજણ નડી ક્યાંક તારી તને,
હોઠ વચ્ચે તો કંઇ પણ દબાયું નથી.

હેલીમાં છત્ર કે છાજલી ના મળી,
તે છતાં વૃક્ષ ભેજે હવાયું નથી.

મૌનના સ્વપ્નમાં પાંગરી કલ્પના,
અન્ય રીતે કથાનક લખાયું નથી.

શબ્દની કાંકરી ફેંકી સાગર મહી,
કેટલે ઊંડે ઊતરી કળાયું નથી!

(મુ- મેંદરડા, આંબાવાડી પ્લોટ, મધીમા મંદિરની પાછળની શેરી, મેદરડા-૩૬૨૨૬૦ જી. જુનાગઢ)

**ગૌતમ વકાણી**

વાંછના લઇને ફક્ત વૈભવ સુધી ના જઇ શકાય
કલ્પનાની પાંખ પર અભિનવ સુધી ના જઇ શકાય

તત્ત્વ, દર્શન ને મીમાંસા લઇ બધે ફરતા રહો
ઈશને શોધ્યા કરો, માનવ સુધી ના જઇ શકાય.

સ્તબ્ધતા વહોરી લીધી સામે જ ચાલીને બધી
ડાળ કાપી લો પછી કલરવ સુધી ના જઇ શકાય.

પુષ્પતા પહોંચી ચૂકી છે અશ્રુઓના દ્વાર પર
ને હવે વહાલપભર્યા પાલવ સુધી ના જઇ શકાય.

ઝાંઝવાથી બેકદમના અંતરે જઇને વસો
તો વરસતા નીરના વૈભવ સુધી ના જઇ શકાય.

ઘર, મહોલ્લો, સીમ, વાડી, ગોંદરું ધૂમી વળો
ગુમ થયું, એ કીમતી શૈશવ સુધી ના જઇ શકાય.

(૨૪, ક્રિષ્ના બંગ્લોઝ-૩, રાધેશ્યામ પાર્ટી પ્લોટ પાછળ સાંગોડપુરા રોડ, આણંદ-૩૮૮૦૦૧)

## ભારતીય એટલે કોણ?

નરેશ વેદ

બસમાં કે ટ્રેનમાં મુસાફરી કરતાં પ્રવાસીઓની ચર્ચામાં કે જ્યાં થોડા લોકો એકઠા મળીને ચર્ચા કરતા હોય ત્યાં એમની વાતોમાં આપણને એક વાત વારંવાર સાંભળવા મળે છે કે તમને ભારતમાં પ્રો-અમેરિકન, પ્રો-જર્મન, પ્રો-બ્રિટીશ કે પ્રો-ઓસ્ટ્રેલિયન લોકો તો ઘણા મળશે પણ પ્રો-ઇન્ડિયન વ્યક્તિઓ પ્રમાણમાં ઓછા મળશે. આ વાત સાંભળીને ચોંકી જવાય છે. એકસો ચોંત્રીસ કરોડની વસતી ધરાવતા આ દેશમાં ભારત તરફી લોકોની જ અલ્પતા? જો આ વાતમાં કાંઇ તથ્ય હોય તો એ આપણને વિચારતાં કરી મૂકે એવી કડવી બાબત કહેવાય.

આ જ વાત બીજી રીતે આપણા વિચારતંત્રને ઝકઝોરે છે. કયા લોકોને આપણે ભારતીય કહીશું? ભારતીય એટલે કોણ? વિવિધ રાષ્ટ્રોના જુદા જુદા લોકો કરતાં ભારતીય વ્યક્તિની કોઇ આગવી પહેચાન છે? તો એ શી છે? એની ઓળખ કેવી રીતે કરવી? આ દેશમાં કરોડો લોકો વસે છે. વિદેશીઓને બાદ કરતાં શું એ બધા ભારતીય છે? દુનિયાનાં અનેક રાષ્ટ્રોમાં ભારતના લોકો વેપાર, ધંધા, અભ્યાસ કે નોકરી અર્થે પહોંચી ગયા છે. જે તે રાષ્ટ્રની પ્રજા સાથે તેઓ હળીભળી ગયા છે. શું એ બધા લોકોમાંથી ભારતીય વ્યક્તિઓને જુદી તારવી શકાશે? તો એનો ઉત્તર છેઃ હા. ભારતીય વ્યક્તિ દેશમાં કે દુનિયામાં કોઇપણ સ્થળે, કોઇપણ સમાજમાં ભલે વસી રહી હોય, એ છૂપી રહી શકશે નહીં. એ અન્ય લોકો કરતાં અલગ તરી આવશે અને તેથી ઓળખાઇ આવશે. તમે પૂછશો કેવી રીતે? તો આવો સ્એનો કીમિયો બતાવું. કીમિયો! એ તો કહેવાની એક રીત છે. વાસ્તવમાં હું ભારતીય વ્યક્તિ એણે કોણ અને કેવી, એની જ વાત કરું છું.

આમ તો, ભારતનો જે નાગરિક તેને આપણે ભારતીય કહીએ, પણ એવાય ભારતીયો છે, જેઓ આગળ કહ્યું તેમ, દુનિયાના ખૂણે ખૂણે પહોંચી ગયા છે અને વર્ષોથી ત્યાં સ્થાયીરૂપે રહે છે. તેઓ ભલે વિદેશોમાં રહેતા હોય પણ એમના આચારવિચારમાં, જીવવાની રીતિપદ્ધતિમાં, રૂઢિઓ અને પરંપરાઓના પાલનમાં તેઓ ભારતીય જ રહ્યા હોય છે. ભારતમાં જન્મ ધારણ કરીને અથવા કાયદેસર ભારતનું નાગરિકત્વ મેળવીને તો માણસ ભારતીય હોય. પરંતુ કેટલાક લોકો જન્મથી કે અધિકારથી નહીં, પણ ભાવનાઓ, વિચારો અને આદર્શોથી ભારતીય હોય છે. એટલે કે ભલે તેઓ આ દેશમાં જન્મ્યા ન હોય કે તેમણે વિધિવત આ દેશનું નાગરિકત્વ પ્રાપ્ત કર્યું ન હોય. જેમ કે સિલોન (શ્રીલંકા) ના આનંદકુમાર સ્વામી, જર્મનીના મૅક્સમૂલર, ફ્રાંસના રૉમાં રૉલાં, રશિયાના રોડરિક અને મેડમ બ્લેવટસ્કી. એ ઉપરાંત, પ્રો. ઝીમર, બેટી હાય્મન, એની બેસન્ટ, મધર ટેરેસા, માય્રા અલ્ફાસા, ઍલેક્ઝાંડર કનિંગહૅમ, જહોન માર્શોલ, મૉર્ટિમર વ્હીલર, જિમ કૉર્બેટ. આ બધાં એવાં લોકોનાં નામ છે, જેમને બારતીય દર્શન- ચિંતન, સંસ્કૃતિ-સભ્યતા, આદરો વિચારો, ભાષાઓ -કળાઓ અને સાહિત્યમાં ઊંડી દિલચશ્પી હતી. ભારતીય લોકોનાં ભાવ-ભાવનાઓ તેમને પોતાનાં લાગ્યાં હતાં. આમાંના કેટલાંક ભારતમાં આવીને વસ્યા હતાં, કેટલાક કેવળ ભારતની મુલાકાતે આવ્યાં હતાં, પરંતુ કેટલાંક તો ક્યારેય ભારતમાં આવ્યાં ન હતાં, જન્મ ધરીને એમણે ક્યારેય ભારતની ભૂમિ પર પગ મૂક્યો ન હતો; છતાં તેમને ભારત વહાલું હતું. તેઓ મન-હૃદયથી ભારતીય હતા.

આનાથી અવળું દૃષ્ટાંત પણ છે. કેટલાક એવા લોકો છે, જેઓ ભારતમાં જન્મ્યા છે, ભારતમાં રહ્યા છે કે રહે છે, ભારતનું નાગરિકત્વ ધરાવતા હતા કે હજુ પણ ધરાવતા હોય છે, છતાં તેઓ મનથી ભારતીય નહીં પણ વિદેશી છે. એક યા બીજા પ્રસંગે મોકો મળતાં જ તેઓ ભારતીય પ્રજાની ગંદકી, ગરીબી, હાડમારી વગેરેની વાતો કરી ભારતની ટીકા કર્યા કરે છે. આ દેશમાં જરૂરી સાધન-સગવડો નથી, જીવન વિકાસની અને માલેતુજાર થવાની તકો નથી, એનો અફસોસ કર્યા કરે છે. એવું બધું પ્રાપ્ત કરવા વિદેશોમાં ચાલ્યા જવાની ફિકરમાં અને તજવીજમાં રહ્યા કરે છે. એમ કરવામાં પોતાને બૌદ્ધિક, હોશિયાર, સુધરેલા અને પ્રગતિશીલ માને છે.

એવા પણ લોકો છે, જેઓ જન્મે ભારતીય છે, વર્ષોથી વિદેશમાં વસવાટ કરે છે. ત્યાંની સ્થાનિક પ્રજાના લોકો જેવા જ થઇ ગયા છે અને ભારતને લગભગ ભૂલી ગયા છે. પણ ક્યારેક કોઇ સરકારી આફત કે કુદરતી આપત્તિ આવી પડે છે ત્યારે ભારતને યાદ કરવા લાગી જાય છે. ભારત આવવા ઉત્સુક બની જાય છે. છતાં અન્ય વિદેશી રાષ્ટ્રો એમને આવકારવા અને સ્વીકારવા તૈયાર થાય છે તો ભારતને ભૂલીને ભારત આવવાનું માંડીવાળી એવા કોઇ વિદેશી રાષ્ટ્રમાં વસવા પહોંચી જાય છે!

વિદેશોમાં વસતા આપણા દેશના કેટલાક લોકો એવા છે, જેઓ નોકરી કે ધંધા માટે ત્યાં ગયા હતા. ત્યાં સારું કમાઇને ઠરીઠામ થઇ ગયા છે. ખાધેપીધે સુખી થયા છે. પરદેશી સ્ત્રી કે પુરુષને પરણી ઘરગૃહસ્થી ચલાવી રહ્યાં છે. એમને ત્યાં કોઇ હમવતની જઇ ચડે છે ત્યારે તેઓ પૂરા ભારતીય થઇ જાય છે. વતન, ઘરખોરડાં, વાડીખેતર, સગાંવહલાં, સ્નેહીમિત્રો, સ્કૂલ-કૉલેજ, રાજકારણ-રમતગમત બધાંને યાદ કરવા લાગે છે. એ બધાં વિશે પેલા હમવતનીને પ્રશ્નો પૂછી પૂછીને પોતાનામાં દટાઇ ગયેલા ભારતનું તેઓ ઉત્ખનન કરવા લાગે છે. હમવતની પાસેથી એ બધા વિશેની વાતો સાંભળીને, ભાવવિભોર થઇ જઇ, એટલો સમય માનસિક ભૂમિકાએ ભારતમાં જીવી લે છે!

વિદેશોમાં વસતા કેટલાક ભારતીય લોકો એવા છે કે જેઓ કમાણી કરવા ત્યાં ગયા હતાં. કમાઇધમાઇ જીવનને આરે આવીને ઊભા રહે છે ત્યારે ભારતમાં પરત આવી શેષ જીવન ગુજારવા ઇચ્છે છે. પણ ત્યાં જ જન્મી ઊછરી ભણીગણી પરણીને ત્યાં સ્થાયી થઇ ગયેલાં એમનાં સંતાનો દેશમાં પાછા આવવા તૈયાર નથી હોતા, તેથી તેઓ દેશમાં પાછા આવવા ઝૂરે છે, ઝંખે છે, પણ લાચારીને કારણે આવી શકતા નથી. ત્યારે તેઓ બે-ચાર વર્ષે દેશમાં એક આંટો આવી જઇ વતનમાં, કુટુંબમાં, સગાં-સ્નેહીઓ અને મિત્રોમાં મિલનોત્સવ કરી જાય છે, પછી પોતાના દિલોદિમાગમાં દેશનાં સ્નેહ સુગંધ અને વાયુ ભરીને પાછા વિદેશ ઊપડી જાય છે. એમની સંતતિ ભારતના ભવ્ય ભૂતકાળથી, એના સાંસ્કૃતિક વારસાથી, એના આચરવિચાર, નીતિમૂલ્યો, દર્શનચિંતનથી પરિચિત થાય તેવું તેઓ ઇચ્છે છે. એ માટે સંતાનોને બે-ચાર વર્ષે દેશમાં ફરવા લઇ આવવા મથે છે. દેશમાં વસતાં છોકરા-છોકરી સાથે એમનો સંબંધ ગોઠવવા પ્રયત્નશીલ રહે છે પરંતુ એ સંતાનો જ્યારે દેશમાં ફરવા આવવા માટે પણ ઉત્સાહી, ઉમંગી કે તત્પર નથી હોતાં ત્યારે એ વડીલો ભારે ખર્ચ વેઠીને પણ ભારતમાંથી કથા-કીર્તનકારો, ધર્મ-સંપ્રદાયના આચાર્યો, સાહિત્યકારો- કળાકારો, બૌદ્ધિકો-વક્તાઓ, રમતવીરો વગેરેને ત્યાં તેડાવે છે અને બાળકોને સીધો નહિ તો આ રીતે આડ-કતરો ભારતનો પરિચય થતો રહે એવી ગોઠવણો કરે છે. વિદેશી સમાજોમાં સમાયોજન પામી ચૂકેલાં પોતાનાં સંતાનો વિદેશી ખાનપાન, પહેરવેશ, આચાર-વિચાર અને રહેણીકરણી અપનાવીને પૂર્ણપણે અભારતીય થઇ રહ્યાં છે એ વાતથી તેઓ મૂંઝવણમાં છે, વ્યથિત છે, 'ન અહીંના કે ન ત્યાંના' એવી ભાવદ્વિધામાં જીવી રહ્યા છે.

હા, આ બધા ભારતીયો છે. એમાંના કેટલાક પોતાને ભારતના માને છે, કેટલાક ભારતને પોતાનું ગણે છે. કેટલાક મન, વચન અને કર્મથી ભારતીય છે. કેટલાક ભાવ, ભાવના અને આદર્શોથી ભારતીય છે. કેટલાક શરણાગત ભારતીય છે, કેટલાક દાવેદાર ભારતીય છે. કેટલાક સુખમાં વિદેશને અને દુ:ખમાં ભારતને ભજે છે, કેટલાક સુખદુ:ખ બંને સ્થિતિમાં ભારતને સમર્પિત છે. ભારત કેટલાકનું નસીબ છે તો ભારત કેટલાકનું સ્વપ્નું છે.

આટલી ચર્ચા ઉપરથી ભારતીયો કેટલી જાતના છે એનો ખ્યાલ તો આવ્યો હશે. પણ કોઇ વ્યક્તિ ભારતીય છે એની ઓળખ કેવી રીતે થાય? અમુક કે તમુક વ્યક્તિ ભારતીય છે એની આપણને પતીજ કેવી રીતે પડે? વ્યક્તિ ભારતમાં હોય કે ભારતની બહાર હોય, પણ જો તમને એના આચાર-વિચારમાં અને રહેણીકરણીમાં નીચે મુજબની બાબતો દેખાય તો સમજવું કે તે વ્યક્તિ ભારતીય છે. તમે પૂછશો એમ કેમ? તેનો ઉત્તર એ છે કે માણસનો રાષ્ટ્રીય પરિચય તેના આચાર-વિચાર અને જીવનશૈલી દ્વારા જ થાય.

જો તમે કોઇ વ્યક્તિને ઈશ્વરમાં અને એના અવતારોમાં આસ્થા રાખતી જુઓ, જન્મ-પુનર્જન્મ, પાપપુણ્ય, કર્મફળ અને પ્રારબ્ધના ખ્યાલોમાં વિશ્વાસ ધરાવતી જુઓ, પોતાના જીવનમાં પોતાના ઇષ્ટદેવના સ્થાનકની જાતરા કરવા કે જીવનમાં એકવાર ચાર ધામની યાત્રા કરવા ઝંખતી જુઓ, ઘરના કોઇ ઓરડામાં, મંદિરમાં કે છેવટે ગોખલામાં ભગવાનની મૂર્તિ રાખી એનું સેવન-પૂજન કરતી જુઓ, કુળદેવ કે કુળદેવીના કર-નિવેદ કરતી જુઓ, એકાદશી-અમાવસ્યા-નવરાત્રિ કે ગ્રહણના દિવસે ઉપવાસ એકટાણાં કરતી જુઓ, વગર વાંચ્યે પણ 'રામાયણ' અને 'મહાભારત'ની કથાવારતાથી પરિચિત જુઓ, પાછલી વયે શ્રીમદ્ ભગવદગીતા કે તુલસી રામાયણના શ્લોકો કે ચોપાઇઓનું રટણ અને ચિંતવન કરતી જુઓ, હોમ-હવન, સત્યનારાયણની કથા, સાધુ-સંતો-ધર્મગુરુઓની પોતાને ઘેર પધરામણી કરતી જુઓ, ચબૂતરે ચણ નાખતી, શેરીએ કિડીયારું પૂરતી, ઠીબ અને અવાડામાં પાણી ભરતી, વડપીપળે પાણી રેડતી, અતિથિનું ઉમળકાભેર સ્વાગત કરતી, લમણે ટાચકાં ફોડી કોઇ વ્યક્તિનાં ઓવરણાં લેતી, રક્ષાબંધન, હોળીધૂળેટી, ઓણમ્ પોંગલ, નવરાત્રિ, દશેરા-દિવાળી, રમજાન, ઇસ્ટર, રામનવમી, જન્માષ્ટમી, શિવરાત્રિ, પર્યુષણ વગેરે

જેવા પર્વો ઉત્સવોને આનંદથી ઊજવતી જુઓ તો એને ઓળખજો, એ જ ભારતીય.

જો તમે કોઇ વ્યક્તિને ગર્ભાધાન, પુંસવન, સીમંતોન્નયન, સ્વર્ગારોહણ જેવા સોળ સંસ્કારવિધિઓમાં માનતી અને રાચતી જુઓ, માંગલિક પ્રસંગે દ્વારે-દરવાજે લીલાં તોરણો બાંધતી અને આંગણે સાથિયા અને રંગોળી પૂરતી જુઓ, પુત્રપુત્રીનો વિવાહ સંબંધ કરતાં વર અને કન્યા ઉપરાંત ઘર, મોસાળ અને જન્મકુંડળીઓ નિહાળતી જુઓ, બાળકના જન્મ પછી છઠ્ઠા દિવસે વિધિના લેખ લખવા માટે વિધાત્રી સમક્ષ લેખન સામગ્રી મૂકતી જુઓ, સ્નાન કરતી વખતે એને ગંગા, જમના, ગોમતી, ગોદાવરી, કાવેરી, સરસ્વતી, બ્રહ્મપુત્રા વગેરે નદીઓનું નામસ્મરણ કરતી સાંભળો, ભોજન કરવા બેસે ત્યારે ભૂમિ ગ્રાસ અને ગૌગ્રાસ કાઢતી જુઓ, જીવનમાં એકવાર ગંગાસ્નાન અને યમુનાપાન કરવા ઇચ્છતી જુઓ, મરણશય્યા ઉપર મોમાં તુલસીપાન ઉપરાંત ગંગાજમના જળના એક બે ઘૂંટ લેતી જુઓ, અડીઓપટીના પ્રસંગે ઇષ્ટદેવ કે કુળદેવની માનતા રાખતી જુઓ, પોતાના કે અન્યના કલ્યાણ માટે બાધા-આખડી રાખતી જુઓ, દિવંગત સ્વજનોનું તર્પણ કરવા સરામણાની અને શ્રાદ્ધની વિધિ કરતી જુઓ, કોઇ સગાં કે સ્વજનના મૃત્યુપ્રસંગે સ્નાન કરતી, સૂતક પાળતી અને વરસી વાળતી જુઓ, અવમૃતવ્યક્તિની પાછળ અનેક ભૌતિક સાધનોવાળું શય્યાદાન કરતી જુઓ, સામેથી આવતી કોઇની મૈયત જોઇને પોતાની ગતિ થંભાવી એને આદર આપતી જુઓ, ઘરનો ઉંબર કે ખેતરનું શેઢું ઓળંગતાં દાદા ખેતરપાળને વંદન કરતી જુઓ, વૃક્ષ કાપવામાં અને વિશેષ કરીને પીપળાના વૃક્ષને કાપવામાં પાપબોધ અનુભવતી જુઓ, શુકન-અપશુકનમાં માનતી જુઓ, સારા-માઠા પ્રસંગે ઘેર કથા-કીર્તન અને પારાયણ કરતી - કરાવતી જુઓ, એના ઘરને આંગણે તુલસી કે ડમરાનો કયારો નહીં તો છેવટે એનું કુંડું જુઓ, નવા ઘરમાં વસવા જતાં પહેલા ગ્રહશાંતિ અને વાસ્તુપૂજન કરાવતી જુઓ, પોતાના પંડનાં સંતાનનાં લગ્ન હોય એટલા ઉમંગઉત્સાહથી તુલસી વિવાહ કરતી જુઓ, જો એ સ્ત્રી હોય તો જીવનભર એને વ્રતવરતોલાં કરતી જુઓ, પરણીને શ્વસુરગૃહે જતી વખતે પિયરગૃહે દીવાલ પર હાથવડે કંકુથાપા પાડતી અને શ્વસુરગૃહે પહોંચી સૌ પ્રથમ કંકુપગલાં ભરતી જુઓ, પુત્રીના સીમંત પ્રસંગે એના પિયરિયાં દ્વારા મામેરું થતું નિહાળો, પ્રત્યેક મંગળ પ્રસંગે ઘીનો દીવો પેટાવતી જુઓ, કંકુચોખા, અબીલગુલાલ, સિંદૂરનાડાછડી, પુષ્પહાર-પુષ્પવેણીને પૂજન અર્ચન સ્વાગતસત્કાર માટે યોજતી જુઓ, શ્રીફળ, સ્વસ્તિક, જળભરેલ કળશને મંગલ તત્ત્વો માનતી જુઓ, પંચાંગ પંચાગ્નિ પંચાજીરી પંચામૃત પંચાયતન પંચમહાવ્રત અને પંચમહાયજ્ઞને અત્યંત મહત્ત્વનાં માનતી જુઓ, તો ઓળખજો, એ વ્યક્તિ ભારતીય છે.

એક ભારતીયને મન અવતારોમાં વિષ્ણુ, દેવોમાં ગણેશ, દેવીઓમાં અંબાભવાની, ધર્મમાં સનાતન માનવધર્મ, સાધનામાં નામજપ, શાસ્ત્રોમાં શ્રુતિ સ્મૃતિ અને સંહિતા, દર્શનોમાં વેદાંતદર્શન, યોગમાં રાજયોગ, વિદ્યાઓમાં ગૂઢવિદ્યા, ગુરુઓમાં દત્તાત્રય, ગ્રહોમાં સૂર્ય, ઉપગ્રહમાં ચંદ્ર, માસમાં અધિકમાસ, તિથિઓમાં ત્રીજ અને તેરસ, વારમાં શનિવાર, આંકડાઓમાં સાત અને એકસો આઠના અંકો, પંચમહાભૂતમાં અગ્નિ, પંચદ્રવ્યમાં જવતલ, પદાર્થમાં કપૂર, ધૂપમાં ગૂગળ, તૃણમાં ધરો, ધાતુઓમાં તાંબું અને કાંસુ, શસ્ત્રોમાં ગિલોળ અને ત્રિશૂળ, પર્વતોમાં આસેતુ હિમાલય, નદીઓમાં યમુના, મૂલ્યોમાં ક્ષમા અને અહિંસા, વાદોમાં કર્મવાદ, પ્રથાઓમાં દાન, દાનમાં ગૌદાન અને કન્યાદાન, ગુણોમાં દયા, રંગોમાં શ્વેત (સફેદ) રંગ, પ્રતીકોમાં ૐ, સ્વસ્તિક, નટરાજ, કમલાસના લક્ષ્મી, રાગોમાં રાગ દરબારી, રમત રમવામાં કબ્બડી અને જોવામાં ક્રિકેટ, ગમ્મતોમાં અંતકડી-અંતરાક્ષરી, વૃક્ષમાં પીપળો, છોડમાં તુલસી, પત્રમાં બીલીપત્ર ને તુલસીપત્ર, પાનમાં નાગરવેલ અને કેળનાં પાન, ફૂલમાં પદ્મ અને પારિજાત, ફળમાં શ્રીફળ, સોપારી અને પબડી, પશુઓમાં ગાય, પક્ષીઓમાં મોર, અનાજમાં ચોખા, કઠોળમાં મગ, ભોજનમાં કંસાર, જમણમાં લાડુ, મિષ્ટાનમાં પેંડા અને જાંબુ, પેય- લેહયમાં દૂધ અને મધ, પ્રસાદમાં શીરો, મસાલાઓમાં મરી, સ્વાદમાં મધુરસ્વાદ, મેળાઓમાં કુંભમેળો, નવનિધિઓમાં શંખ, નવરત્નોમાં નીલમ, નવ રસોમાં શાંત રસ, ઋતુઓમાં વસંતઋતુ- એ બધી વસ્તુ મહત્ત્વની હોય છે.

આટલી ચર્ચા પરથી સમજાયું હશે કે ભારતીય કોને કહી શકાય!

(કદમ્બ બંગલો, ૩૫, પ્રોફેસર્સ સોસાયટી, મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર ફોન-૦૨૬૯૨-૨૩૩૭૫૦, મો. ૦૯૭૨૭૩૩૩૦૦૦)

॥ વાર્તા ॥

## નાથ-અનાથ

**મનહર રવૈયા**

ઘડિયાળમાં ટન..એક ટકોરો થયો ને મંગળદાસની આંખો ખૂલી ગઈ. આજ રાતે વહેલા સૂઈ ગયેલ મંગળદાસને મૂળ તો બાથરૂમ જવું હતું. એમની બાજુના પલંગ પર રોહિત નસકોરા બોલાવતો જામી ગયો હતો. હજી તો કલાક પહેલા રોહિત ટેક્ષીનો છેલ્લો ફેરો મારીને વળતા આવ્યો ત્યારે બદ્રીને ત્યાંથી પાંઉભાજી લાવ્યો હતો. જે ખાઈને બન્ને વાતો કરતા કરતા જ સૂતા હતા. મંગળદાસ રોહિતને જગાડત નહીં પણ અત્યારે એને બરાબરની લાગી હતી. પેડુ ફાટફાટ થઈ રહ્યું હતું. એણે બૂમ પાડી; ''રોહિત...એ રોહિત'' ''શું છે બાપુ....?'' રોહિત તુરત જાગી ગયો, બેટા, મારે બાથરૂમ જવું છે.'' ''હું આટલા માટે જ ભાજી સાથે છાશ પીવાની ના પાડતો હતો, પણ તમે માન્યા નહીં. લ્યો હાલો'' રોહિત મંગળદાસનું બાવડુ ઝાલી બાથરૂમમાં લઈ આવ્યો. મંગળદાસને બીજો કોઇ રોગ ન હતો પણ એમની બન્ને આંખમાં પથ્થરિયો મોતિયો રેળાઈ ગયો હતો દિવસે ઝાંખુ પાંખુ એમને આંખે દેખાતું હતું, પણ રાત્રે સાવ ધબોનારાયણ બિલકુલ ભાળે જ નહીં. આમ રાત પડ્યે એ મૂંઝાતા હતા.

જો કે રોહિતે ટેક્ષી ચલાવી પૈસા ભેગા કરીને મંગળદાસની આંખો અમદાવાદ બતાવેલી, પણ ઓપરેશન શક્ય ન હતું. આમ જીવતરની ઢળતી સંધ્યાએ જ્યારે મંગળદાસને જીવનસાથીની જરૂર હતી, ત્યારે પહેલા જ સવિતાબેન એમને છોડીને ચાલી નીકળેલા. ઈશ્વરના દ્વારે સવિતાબેન જતાં મંગળદાસ પોતે ખળભળી ઊઠ્યા હતા. અંતિમ યાત્રામાં ખુદ મંગળદાસ ગયા ન્હોતા, કારણ એમને તો પુનઃ લગ્ન કરવા ન્હોતા. છતાંય બીજા સગાઓએ એમને પુનઃ લગ્ન કરવા સમજાવેલા પણ એમણે મોટો જયંત અને નાનો રોહિત હવે મોટા થઈ ગયા હતા એટલે એમના ઉછેરની ચિંતા ન હતી.

સ્ત્રી વગરનાં ઘરમાં જે મુશ્કેલીઓ પડે એનો રસ્તો મંગળદાસ કરી લેતા હતાં. પોતે જે ગાડી ચલાવતા એ ગાડી જયંત ચલાવવા લાગ્યો હતો, અને નાનો રોહિતે પણ વીસ વર્ષ થતા લાઈસન્સ કઢાવી એ ભાડેથી ટેક્ષી લાવીને ચલાવતો હતો. બન્નેની કમાણી સારી હતી, પણ ઘરકામ સાથે સરી જતા સમયે મંગળદાસને ઉંમર લાગી. એમના શરીરમાં કામ કરવાનું કૌવત રહ્યું નહીં, ત્યારે એમણે મોટા જયંતને પરણાવી દીધો. વહુ આવતા મંગળદાસને કામમાં રાહત થઈ પણ એક જ વર્ષમાં વહુ જયંતને લઈને એના પિયરમાં રહેવા આવી ગઈ, ત્યારે મંગળદાસ ભાંગી પડ્યા, પણ રોહિતે ઘર સંભાળી લીધું. જયંતને બહુ સમજાવ્યો કે આ તારા બાપુની ઉંમર થતા કામ બનતું નથી, અત્યારે તારી અને મારી વહુની ફરજ છે કે મંગળદાસને સાચવીને સેવા કરવી, પણ એ એની વહુ કહે એ મુજબ ચાલનારો થોડો માને ! એ તો મુંઝાયેલ મંગળદાસને રોહિતે હૈયાધારણ આપતા કહ્યું : ''બાપુ તમે મૂંઝાતા નહીં, જયંતભાઈ અને ભાભી ભલે જતા હું છું ને. ખરેખર રોહિતે મંગળદાસને નવરાવવા, કપડા બદલવા, દવા આપવી, જમાડવા તે છેક સૂવરાવવા જેવા બધા કામ શરૂ કરી દીધા. અમુક કામ તો પોતાની અર્ધાંગિનીને કરતા સુગ ચડે એ કામ પણ રોહિત કરતો, ત્યારે મંગળદાએ દીવાલે લટકતા પત્નિનાં ફોટા સામે જોઈ સ્વગત ગણગણી રહ્યાં. ''સવિતા, રોહિતે તારી ખોટ જરા પણ સાલવા દીધી નથી. નાનકડા રોહિત પર તે જે વિશ્વાસ મૂકેલો તે યોગ્ય હતો. તારી પરખને ધન્ય છે.'' ''મંગળ તારી વાત ખરી છે. બાકી મને તો જયંતની કુંડળી જોતા જ ખબર પડી ગઈ હતી કે આ જયંત મંગાળે મેશ વાળશે નહીં. એટલે જ તમારી ના ઉપરવટ રોહિત ઘરમાં આવેલો.''

''બાપુ.! આજ મારે જરા મોડુ થશે.. હું જમીને આવીશ. તમારા માટે શું લાવું ?'' ''ભાઈ મારું પેટ પણ આજે ભારે ભારે છે. એટલે એમ કરજે મારે માટે કોઠીનો આઈસ્ક્રીમ લેતો આવજે.'' 'સારું' કહીને ગાડી લઈ રોહિત ચાલી નીકળ્યો. મંગળદાસને થયું કે સાલુ, સમયને જતા વાર લાગતી નથી. આ છોકરા મોટા થઈ ગયા. એક સમયે એ ગાડી ચલાવતા હતા. આજ છોકરા ગાડી ચલાવે છે. આમ મંગળદાસ અતીતમાં સરી પડ્યા, રમણ અને લલિતાને સંતાનની કેવી ઝંખના હતી? મિત્ર રમણ એની સાથે જ ટેક્ષી ચલાવતો હતો. બન્ને એક સ્ટેન્ડ પર ઊભા રહેતા હતા. બન્નેને ખૂબ જ સુમેળ હતો. બન્ને જ્યારે નવરા હોય ત્યારે પોત પોતાની અંગત વાતો કરતા, એમાં રમણ

બિચારો એની પત્નિ લલિતાની જ વાત કરી દુઃખી થઈ રહેતો હતો. પાછો બોલેય ખરો કે ઈશ્વર પણ જ્યાં જરૂર ન હોય ત્યાં દીકરા દીકરી આપે છે, અને સંતાન માટે ઝુરતા લોકોને...લલિતાબહેને જે કાંઈ કરવા જોગ હતું એ બધું કર્યું હતું, દવાખાનું જેમાં લેબોરેટરી, દવા, મંત્રતંત્ર અને દોરાધાગા સંતાન માટે માનતાઓ તો એમણે એટલી બધી માનેલી કે જેની નોંધ લખી રાખવી પડી હતી, પણ એક દિવસ રમણ અને લલિતા બન્નેને સંતાન બાબતે નિરાશા મળી ત્યારે એમણે આનંદ અનાથ આશ્રમમાંથી ત્રણેક વર્ષનો છોકરો દત્તક લીધો. એમને ભાગ્યે ખરેખર કનૈયા કુંવર જેવો બાબો મળી ગયો. બાબાને રમાડવામાં ઘેલી થઈ ગયેલ લલિતા એના કામ ભૂલી જવા લાગી. રમણના ઘરમાં નાજૂક બાબો આવતા રોનક બદલાઈ ગઈ. રૂપાળા બાબાને જોતા જ તેડી લેવાનું મન થાય એવો બાબો લલિતાબેનને દત્તક મળી ગયો, એ જોઈને અમુક પાડોશણોની આંખમાં ઈર્ષા ઊઠી. એમનાથી લલિતાનું સુખ જોવાણું નહીં. ઓલી રેખા બાબાને હરખ કરવા આવીને એણે ટમકુ મૂક્યુ, ''અરે વાહ બાબો છે તે ખૂબ રૂડો રૂપાળો પણ કંઈ નાત-જાતનો હશે શું ખબર પડે ? સારી સંસ્કારી નાતનો હોય તો સારું નહીંતર મોટો થઈ લખણ ઝળકાવે ત્યારે પસ્તાવો થાય.''

રેખા સાથે આવેલ કાંતાએ પણ એનું જ્ઞાન રજૂ કર્યું, ''અરે દીકરા-દીકરીનો ખોટો મોહ છે. આપણને એમ થાય કે દીકરો હોય તો સારૂ ઈ આપણને પાલવે, પણ આ કળયુગનાં સમયમાં પોતાના જણેલા મા-બાપને પાલવતા નથી ત્યારે આ તો પારકુ મજબૂરીથી જણેલું ઈ શું આપણને રાખે.'' આવી વાતો સાંભળીને લલિતાના કાન દુઃખી ગયેલા. બાબો મોટો થાય અને પછી ભવિષ્યમાં કોઈ ઉપાધિઓ આવે તો શું કરવું....? એ ચિંતાઓને હલ કરવા રમણ અને લલિતા બાબાને અનાથ આશ્રમમાં પરત સોંપીને, એની માની તબિયત ગંભીર થઈ જતા, તેવો વતનમાં ચાલ્યા ગયા હતાઃ થોડો સમય પત્રો અને ફોન આવતા હતા, પણ ધીરે ધીરે એ બંધ થઈ ગયું. સમય સરતો રહ્યો અને ત્યાંજ રોહિત આવ્યો અને મંગળદાસની અતીતની વિચારમાળા તૂટી. એ આઈસ્ક્રીમ લાવ્યો હતો. એણે મંગળદાસને એક પ્લેટમાં કાઢીને આપ્યો, અને ઘર છોડીને ગયેલ જયંત પછી ડોકાયો જ ન હતો. એકવાર રોહિતને ક્યાંક બહારગામની વર્ધી હશે તે એણે જયંતને મંગળદાસ માટે ટિફિન મોકલવા કહ્યું, તો એણે કહેલું કે ગામમાં ઘણી લોજ છે મંગાવી લેજો. મારી વહુ નવરી નથી.

રોહિત ગમ ખાઈ ગયો. આજ એક બાપને છોકરો એક ટંક ખાવાનું આપવાય તૈયાર ન હતો??? ત્યાં જ બારણે કોઈએ સાદ પાડ્યો. રોહિતે બારણું ખોલ્યું, તો રમણ અને લલિતા હતા. એમણે તુરત પૂછ્યું, ''કેમ મંગળદાસભાઈ શું ચાલે છે, ઓળખો છો? એ જ અઢી દાયકા બાદ આવેલ રમણ અને લલીતાને પહેલા તો ખરેખર ઓળખી ન્હોતા શક્યા, પછી તો રામ રામ કરી રમણ અને લલિતા મંગળદાસ સામે ખુરશીમાં બેઠા. રોહિત પાણી લાવ્યો, પીને રમણલાલે પૂછયું, '' જયંત નથી ? એ શું કરે છે...?'' ''એ ઘરનું ઘર છોડી એની બૈરી સાથે જુદો રહે છે.'' ''અને આ છોકરો કોનો'' રોહિતને જોતા લલીતા બોલી '' (સવિતા) તમારી ભાભીની વિદાય બાદ મારી આ ઢળતી જિંદગીમાં મારા જેવા બેસહારાના હાથ, પગ આંખો જે કહો તે આ નાનો રોહિત છે.'' ''અમોએ પણ જો એ દિવસે દત્તક લાવેલ છોકરાને આશ્રમમાં પાછો આપ્યો ન હોત તો એ અત્યારે આવડો હોત. ક્યાં હશે એ બિચારો અનાથ...'' બોલતા બોલતા લલિતાથી નિહાકો નખાઇ ગયો. ''લલિતા તમે જે છોકરાને આશ્રમમાંથી દત્તક લાવેલા એ જ છોકરાને તમે આશ્રમમાં પરત કરી જતા રહ્યા હતાં. પણ એ અનાથ બાળક એટલે આ મારો નાથ રોહિત... ''

(૭-અ શારદા સોસાયટી, નવી રેલ્વે કોલોની પાસે,
બોટાદ-૩૬૪૭૧૦, મોઃ ૯૮૯૮૬૪૮૧૬૫)

❄

એક માણસે મૂરખને પૂછ્યુંઃ 'અક્કલ બડી કે ભેંસ?' મૂરખે થોડી વાર માથું ખંજવાળ્યું અને પછી કહેઃ 'પણ પહેલાં બંનેની જન્મ તારીખ તો કહો યાર...!'

॥ અભ્યાસ ॥

# ઔપનિષદીયમ્

ઘનશ્યામસિંહ એન. ગઢવી

**પ્રસ્તાવના**

ઉપનિષદો અધ્યાત્મજ્ઞાનના નિધિ તથા જ્ઞાનના ઉત્તુંગ શિખરો છે, તેઓ જ જ્ઞાનવૃક્ષના મૂળ પણ મનાયા. જેમાં ઋષિઓની અનુભૂતિ પદે પદે લક્ષિત થાય છે.વૈદિકકાળ બાદ ઉપનિષદોની વિચારશૃંખલામાં આત્મવિષયક વિમર્શ, તત્ત્વાવલોકનાર્થે સાધનપક્ષે પરિવર્તન, અદ્વૈતવાદ તરફ ગતિ અને આત્મસાક્ષાત્કાર જ અંતિમ લક્ષ્ય વગેરે કળીઓ સધાતી ગઈ. જેમાં આકાશવત્ વ્યાપક તત્ત્વનું અવલોકન, આડોલન કે અનુભવ વૃક્ષ, નીચે ઉપવિષ્ટ યુગલ ગુરુ અને શિષ્યના સંવાદરૂપ થયું છે. ઐતરેય, ઉદ્દાલક, રૈકવ, વરૂણ,માંડૂક્ય, જાબાલ, યાજ્ઞવલ્ક્ય કે ગાર્ગી જેવા આત્મજીજ્ઞાસુઓ વડે અનુભૂત કથાનકો સુંદર કાવ્યાત્મક ચિત્રણને પામ્યા છે. તે વિષયોમાં અંતિમ સત્તાનું ચિંતન હોવાથી તેઓનું એક નામ વેદાંત પણ થયું. આ આત્મનાત્મા દર્શાવતું શાસ્ત્ર એટલે ઉપનિષદ.

**મહત્ત્વ**

વેદસાહિત્યને જોઈએ તો સંહિતાઓ ભાવપ્રધાન, બ્રાહ્મણો કર્મપ્રધાન અને આરણ્યકો સુધી તો તત્ત્વચિંતનનો પ્રારંભ ઉદિત થતાં, ઉપનિષદો સુધીમાં તો પરિપૂર્ણ થાય છે. વિનોબા 'વેદાંત' ને પ્રતિભા દર્શન કહે છે. શોપેન હોવર તેને 'જીવનમાં શાંતિનો અનુભવ કરાવનાર' તો અતીન્દ્રિય જ્ઞાનની વાતો કરનારા ઉપનિષદો માટે મેકેન્જી કહે છે કે 'વિશ્વને એક, અખંડ અને એકધારો સિદ્ધાંત શોધી કાઢવાનો જે પહેલો પ્રયત્ન જગતમાં થયો તેનું જ અહી વર્ણન છે.'

**અર્થ**

'ઉપનિષદ' એટલે સૂત્રરૂપ વાક્ય,ગૂઢ શબ્દ,ગૂઢ રહસ્ય કે ગૂઢ વ્રત.દા. ત. (બૃ.ઉ.૨-૧-૧૦માં તેને 'સત્યનું સત્ય' કહેતા તે રહસ્યમંત્ર એવા અર્થમાં પ્રયુક્ત છે.

જ્યારે માણસ બળવાન થાય છે ત્યારે ઊઠીને ઊભો થાય છે અને ઊભો થઈને ગુરુની સેવા કરે છે, પછી (ઉપ) પાસે જઈ (સદ્) બેસે છે. પાસે જઇ બેઠો એટલે ગુરુનો વ્યવહાર જુએ, તેને બોલેલું સાંભળીને મનન કરે, પછી તે મુજબ વર્તે અને તેમાંથી તેને વિજ્ઞાન એટલે કે 'અપરોક્ષાનુભૂતિ' આવી મળે તે, તથા (નિ) એટલે કે નિતરામ ઉપસર્ગપૂર્વક ઉપનિષદનો અર્થ કરી શકાય. આદ્ય શંકર પ્રમાણે તૈતિરીયની ટીકામાં પ્રારંભે જે વિદ્યા સંસારનો સમૂળે નાશ કરે તે 'બ્રહ્મવિદ્યા' ને 'ઉપનિષદ' કહે છે.ડોયસન 'રહસ્ય', ઓલ્ડન બર્ગ' ઉપાસના', શ્રી આનંદ બા. ધ્રુવ 'અજ્ઞાનનો નાશ કરી પરમાત્મા સુધી પહોંચાડનારી વિદ્યા', ડો. રાધાકૃષ્ણન્ 'ભ્રમનિરસન' કરીને સત્ય પ્રત્યે દોરી જનાર' તત્ત્વને 'ઉપનિષદ' કહે છે. વિનોબાના ઈશોપઘાતમાં આત્મબળ, ઉત્થાન, ગુરુસેવા, ગુરુસાંનિધ્ય, જીવનનિરીક્ષણ, શ્રવણ-મનન-નિદિધ્યાસન સાથે આચરણ અને અનુભૂતિનું ફળ એટલે 'ઉપનિષદ' એવી અર્થ કરાયો છે.

**વર્ગીકરણ**

મુક્તિકોપનિષદ પ્રમાણે ઋગ્વેદથી કરીને અથર્વવેદ સુધી ૧૦૮, બીજું વર્ગીકરણ સંપ્રદાયાધારે અડયાર લાઈબ્રેરી મદ્રાસ વડે સંન્યાસ-યોગ-વેદાંત-વૈષ્ણવાદિ શીર્ષકોથી થયું છે. ગદ્ય-પદ્યાત્મક દષ્ટિએ બૃહદારણ્યક, છાંદોગ્ય, તૈત્તિરીય, ઐતરેય, કૌષિતકી અને કેન ગદ્યાત્મક તથા કઠ, ઈશ, શ્વેતાશ્વતર, મુંડક મહાનારાયણીય પદ્યાત્મક ઉપનિષદો છે. પ્રમુખ વૈદિક પરંપરાને અનુસરતાં "Indian philosophy A popular introdution" પ્રા.ડી.પી.ચટ્ટોપાધ્યાયના મંતવ્ય પ્રમાણે ૧૩ ઋગ્વેદીય ઐતરેય, કૌષિતકી, સામવેદીય છાંદોગ્ય, કેન, શુક્લ યજુર્વેદીય બૃહદારણ્ય, ઈશ, કઠ, તૈત્તિરીય, મૈત્રી, શ્વેતાશ્વતર, અથર્વવેદીય મૂંડક,માંડૂક્ય અને પ્રશ્ન છે. જેમાં-

૧ શ્રુતર્ષિ મહિદાસ 'प्रज्ञानं ब्रह्म' ઐતરેયના પ્રવર્તક
૨ ઉદાલક આરૂણિ 'तत्त्वमसि' સિદ્ધાંતના સ્થાપક
૩ દેવર્ષિ વરૂણ 'ब्रह्म आनन्दमयम्' ના સમર્થક
૪ યોગીશ્વર યાજ્ઞ્લ્ક્ય 'अहं ब्रह्मास्मि' ના અનુભવી
૫ મુનિ માંડૂક્ય 'अयमात्मा ब्रह्म' ના સંગ્રાહક
૬ પ્રવચનકાર પિપ્પલાદ 'રહસ્યકાંડ' ના પુરસ્કર્તા
૭ રાજર્ષિ જનક 'બ્રહ્મવિદ્યા' ના ઉત્તેજક
૮ રાજર્ષિ પ્રવાહણ જૈવલિ 'દેહોત્પત્તિવિદ્યા' સંબંધે ગુરુ
૯ સત્યકામ જાબાલ સંસ્કારબળે 'વિદ્યાપ્રાપક'
૧૦ બ્રહ્મર્ષિ રૈકવ 'વિદ્યામાની'
૧૧ રાજર્ષિ ગાર્ગ્યાયન 'સગુણ બ્રહ્મવાદના પ્રજ્ઞાતા'
૧૨ દૈવીદાસ 'પ્રાણબ્રહ્મના કથક'

મુખ્યત્વે મહર્ષિ રાજર્ષિ કે બ્રહ્મર્ષિઓએ અર્કરૂપ ચિંતન આપ્યું.

**જ્ઞાનોપદેશની ઔપનિષદીય રીતિઓ**

**- પ્રતીકાત્મક**

તજ્જ્લાન્ અર્થાત્ જે વડે જગત ઉત્પન્ન થાય છે અને તેમાં જ ગતિમાન અને તેમાં જ લય થાય છે.

**- સૂત્રાત્મક**

ૐ જે અ, ઉ, અને મ થી બને છે. તે જ અનુસાર તેજસ્, પ્રજ્ઞા અને આત્માયુક્ત છે.

**- ઉપમા**

આરૂણીએ કહયું કે જેમ 'જળમાં લવણ તેમ જીવાત્મા પરમાત્મામાં લયપૂર્વક અભેદ પામે છે.'

**- પૌરાણિકકથા વડે**

દા. ત. ઈન્દ્ર-અપ્સરા કથા

**- શાસ્ત્રાર્થ**

યમ-નચિકેતાસંવાદમાં અગ્નિવિદ્યાનો નિચોડ છે.

**- સમન્વય**

છાન્દોગ્યમાં અશ્વપતિ કૈકયે સૃષ્ટિવિજ્ઞાનના સિદ્ધાંતોનો સમન્વય કરેલો છે.

**- સ્વગતોક્તિ**

નચિકેતાને પ્રશ્નોત્તરદશા ઘણીવાર સુધી જાણે કે યમ સ્વગત બોલતા હોય તેમ આપે છે.

**- વિશ્લેષણાત્મક**

યાજ્ઞવલ્કય વડે થયેલું આત્મવિવેચન

**- ન્યાયદશા**

અધિકાર ભેદે ઈન્દ્ર-વિરોચનકથામાં ગુરુ પ્રજાપતિ ભાગ ભજવે તે રીતે.

આમ પરમ દાર્શનિકો વડે શિષ્યને સાધ્ય સુધી પહોંચાડવા જે સાધનો વા પદ્ધતિ અપનાવી છે તે ઉપર મુજબની છે.

**જ્ઞાનનું મૂળ સંશય-ઓપનિષદીય પ્રશ્નો**

એવું શું છે કે જેને જાણીને બધું જાણી શકાય?'कस्मिन्नु भगवतो विज्ञाते सर्वमिदं विज्ञातं भवति'(મું.૧-૧-૩) શરીર નષ્ટ થયા બાદ શું શેષ રહે છે? યાજ્ઞવલ્કયે કહ્યું કે એ કેવું યથાર્થ મૂળ છે કે જેને વારંવાર કાપવા છતાં (મૃત્યુ) વૃક્ષ રૂપે ફરી ફરી અંકુર(જીવ)ફૂટે છે.પરમ સત્તા કોણ છે?(કે.ન.૧-૧) જે પ્રશ્નનો ઉત્તર પ્રાકૃતિક જગતમાંથી નથી મળતો, નૈતિક મૂલ્યોનો આદેશ જેમકે 'असतो मा सद् गमय'(બૃહ.૧-૩-૨૮) વ. નો ઉકેલ આ ઔપનિષદીય જ્ઞાન આપે છે.

**ઔપનિષદીય ચિંતન સાહિત્યપ્રકાર**

સૌપ્રથમ જોઈએ તો-

૧. આદ્ય શંકરાચાર્ય પૂર્વ રચિત આ વિષયના ભાષ્યો દા.ત. ભર્તૃપ્રપંચ, બ્રહ્મનંદી વ. (પ્રસ્થાનત્રયી, પી.સી. રાવળ, પૃ. ૫૯)

૨ આદિ શંકરાચાર્યના ભાષ્યો, તદુપરાંત સુરશ્વરાચાર્ય, વિદ્યારણ્ય, ભાસ્કરાનન્દાદિ.

૩ વૈષ્ણવભાષ્યો જેમકે અણુ, શ્રી. વિશિષ્ટાદ્વૈત, દ્વૈતવાદ કે શુદ્ધાદ્વૈત વ.

૪ નૂતનદષ્ટિકોણીય ભાષ્યવિદ્‌ના ભાષ્યો જેવા કે ડો. બેલવેલકર, ડો. રાનડે વ. વડે અપાયા.

૫ સાંખ્યાદિના મૂળ હોવાથી તદ્ તદ્ દર્શનો તેના દાયરામાં આવે.

શ્વેતાશ્વતરોદ્ધત પ્રકૃતિ કે કઠોપનિષદીય ઇન્દ્રિયોથી પુરુષોત્તમની વાત કરી અથવા યોગના વિભિન્ન તત્ત્વોની ચર્ચા માંડૂક્યના મૂળમાં મળે છે. શંકા, સમાધાન, છલ, જાતિ, નિગ્રહાદિ સ્થાનોનો વિમર્શ વૈશેષિક કરે છે. પૂર્વમીમાંસીય કર્મકાંડ ઇશનો માર્મિક ખ્યાલ આપે છે, તો બ્રહ્મ,માયા વ. વેદાન્તના ઘટકોનું વિવેચન અત્ર તત્ર જોઈ શકાય છે.

**તત્ત્વો**

કોણ?, કોને,કોના વડે, કોના માટે,ક્યાંથી, કેમાંના ઉત્તરો એટલે ઔપનિષદીય તત્ત્વો.

**બ્રહ્મ**

બૃહ-વધવું, ચેતન, સ્કૂરણ કે પ્રગતિસૂચક અર્થો ધરાવતાં ધાતુમાંથી આ શબ્દ બનેલ છે. ઋગ્વદે તેનો અર્થ 'સ્તુતિ' કે અથર્વવેદે તેને 'યજ્ઞ' પણ કહ્યો.બ્રાહ્મણગ્રંથોમાં 'સર્વવ્યાપી પવિત્રાતા'ના રૂપે તો ઉપનિષદોમાં તે 'સચ્ચિદાનંદ' અર્થમાં પ્રયુક્ત છે.

આગળ જતાં તેનો 'નિસર્ગશક્તિ' કે 'પરમ સત્ય' એવો અર્થ થવા લાગ્યો.પાશ્ચાત્ય વિદ્વાનોમાં ઓલ્ડનબર્ગ જેવા 'અભિચારનો મંત્ર' એવું માને છે. (પ્રસ્થાનત્રયી, પી.સી.રાવળ, પૃ.૬૬) મેક્સમૂલર તેનો અર્થ 'વાણી, બૃહસ્પતિ કે વાચસ્પતિ' એવો કરે છે. તૈત્તિરીયે વરૂણપુત્ર ભૃગુ તેના પિતાને બ્રહ્મજ્ઞાનની જીજ્ઞાસા કરે છે જયારે ત્યારે વરૂણ 'જેમાંથી બધા પ્રાણીઓ ઉત્પન્ન થાય છે' વ. તે બ્રહ્મ છે તેમ કહે છે. (તૈ.ઉ. ૩-૧) કેનોપનિષદે 'નકાર' માં તેનું અસ્તિત્વ સ્વીકાર્યું છે. (કેન.૧-૪-૮) મૂંડક પ્રમાણે 'અદશ્ય, અગ્રાહ્ય, અનાદિ

તથા રૂપ-રંગ રહિત' તે છે. (મૂં-૬-ડક.૧-૧-૭) બૃહદારણ્યકોપનિષદ અંતર્ગત તેને 'નેતિ નેતિ' કહેવાયું.

જ્યાં તેને સગુણ -નિર્ગુણ, વ્યક્તાવ્યક્ત કે પરાપરબ્રહ્મ પણ કહેવામાં આવ્યું.

**આત્મા**

ઋગ્વેદમાં આત્મવિદ્યા અંતર્ગત વાયુના પર્યાયરૂપે 'આત્મન' પદપ્રયોગ કરેલો છે. બ્રાહ્મણગ્રંથોમાં 'જીવાત્મા' અર્થમાં પ્રયુક્ત છે. શ્રીમદ્ભાગવતાદિમાં 'અધ્યાત્મવિદ્યા' રૂપે કે બૌદ્ધસંપ્રદાયે 'વિજ્ઞાન', સાંખ્ય તેને 'અખંડાદિ' માને છે, વેદાન્ત 'ચિદાત્મા' કે કઠ 'પુરાતન—અજ' (૧-૨-૧૮વ). કે ઈન્દ્ર-પ્રજાપતિસંવાદે 'આત્મસ્વરૂપ' રૂપે તે છાંદોગ્યમાં વર્ણિત છે. (૮-૭-૧) अयमात्मा ब्रह्म કે तत्त्वमसि સૂત્રોમાં આત્મા-બ્રહ્મ વચ્ચે તાદાત્મ્ય સધાયું છે, મુંડક બન્નેને 'જીવ-શિવ' કે ઉભયને 'મિત્ર' પણ માને છે.તો એક ઉદાસીન અને બીજાને ભોગી નિર્દિષ્ટ કરેલા છે.

શ્રીમદ્ભાગવતમાં પુરંજનાખ્યાન (૪-૨૫ થી૨૯) માં રસાળ શૈલીમાં આ વિષય નિરૂપિત થયો છે. ઈશાવાસ્ય બંનેમાં અદ્વૈતને જુએ છે.ડો. રાધાકૃષ્ણન કહે છે કે માનવના અંતસ્તલે કે બાહ્ય સૃષ્ટિમાં વિલસતું તત્ત્વ તે જ છે. જેને ઉપનિષદ

| **આત્મા** | **બ્રહ્મ** |
|---|---|
| શરીર આત્મા (વિશ્વ) | વિશ્વ શરીર (વૈશ્વાનર) |
| પ્રાણાત્મા (તેજસ) | વિશ્વપ્રાણ (હિરણ્યગર્ભ) |
| વિજ્ઞાનાત્મા (પ્રાજ્ઞ) | સ્વભાવ (ઈશ્વર) |
| મુખ્યાત્મા (તુરીય) | આનંદ (બ્રહ્મ) |

એમ માને છે.

જીવાવસ્થા જાગૃતાવસ્થા (જીવાત્મા) 'વિશ્વ' નામે પરિચિત અને વિષયવાસી છે. સ્વપ્નાવસ્થામાં તે 'તેજસ' અને મન વડે તે સૂક્ષ્મ જ્ઞાતા છે.સુષુપ્તાવસ્થામાં તે 'પ્રજ્ઞાન' કહેવાતો જીવ બાહ્યાન્તર કોઈ અવસ્થાને જોતો નથી. તુરીયાવસ્થા 'આત્મા' અદ્વૈત જે બ્રહ્મોપાધિને પામે છે.

પંચકોશમય અનમય ઈન્દ્રિયાદિથી બનતો, પ્રાણમય પ્રાણાધારિત, મનોમય ઈચ્છાવશી, વિજ્ઞાનમય મનોમય, આનંદમય વિજ્ઞાનમય કોશસન્નિહિત અને મૂંડકોપનિષદ પ્રમાણે તે 'જીવોનો અન્તર્યામી દેવ' છે.

**સૃષ્ટિ**

શંકરાચાર્યના પરમ ગુરુ ગૌડપાદાચાર્યએ તેમની માંડૂક્ય ઉપનિષદકારિકામાં સૃષ્ટિવિજ્ઞાનસંબંધિત અનેક સિદ્ધાંતોનું વર્ણન કર્યું છે. તેઓનું માનવું છે કે સૃષ્ટિવાદને લગતી શ્રુતિઓ બ્રહ્મને સમજાવવાનો ઉપાય છે. પ્રા.આર.ડી. રાનડેના મતે ઉપનિષદોમાં સૃષ્ટિવિજ્ઞાનના સિદ્ધાંતો જોવા મળે છે. જે નિમ્નલિખિત છે. દાર્શનિક રૈકવના મતે મૂળ તત્ત્વ વાયુ અને સર્વ વસ્તુઓનો સંવર્ગ તે છે.કઠોપનિષદાનુસાર અગ્નિ સંપૂર્ણ ભુવનનો અધિપતિ છે. છાન્દોગ્ય પ્રમાણે પ્રવાહણ જૈવલિનો મત મૂળ સ્રોત આકાશ છે. કૌશિતકી પ્રાણને પરમ તત્ત્વ માને છે. શ્વેતાશ્વતરના અભિપ્રાયે સૃષ્ટિકર્તા ઈશ્વર છે. પ્રશ્નોપનિષદ પ્રજાપતિને સ્રષ્ટા માને છે. ઐતરેય નિર્ગુણબ્રહ્મમાંથી સૃષ્ટિ માને છે. મૂંડક સૃષ્ટિના કારણરૂપ સગુણ-નિર્ગુણ બન્નેને માને છે. ઈશાવાસ્ય સંભૂતિને ગણે છે.

- વિશ્વરૂપદેવ ત્વષ્ટાએ-સવિતાએ અનેક પ્રકારે પ્રજોત્પત્તિ કરી પુષ્ટ કરી.
- પ્રજાપતિએ શ્વાસોચ્છ્વાસથી દેવોત્પત્તિ કરી.
- ભૂતમાત્રનો પતિ હિરણ્યગર્ભ છે.
- પરાક્રમી ઈન્દ્ર દ્વારા દ્યાવાપૃથિવી આદિની ઉત્પત્તિ થઈ.
- વિશ્વકર્માએ ભૂમિ વ. ઉત્પન્ન કર્યા.
- બ્રહ્મણસ્પતિ કે અદિતિએ કુંભારની પેઠે આ દેવોને ઉત્પન્ન કર્યા.
- વરુણે દ્યાવાપૃથિવીને સ્વસ્થાને સ્થિર કર્યા.

આમ જોઈએ તો વિશ્વ અદ્ધરતાલ નથી અને જગત એ પાંચતત્ત્વોથી સંબદ્ધ છે. જેમ પાણીમાં સાકર ઉપર-મધ્ય-નીચે ભળે ત્યારે સર્વત્ર મીઠાશ પ્રવર્તિત કરે તેમ જગતમાં સમગ્રતયા બ્રહ્મ વ્યાપ્ત છે. જેમ કરોળિયાની લાળમાંથી જાળ તેમ બ્રહ્મમાંથી સૃષ્ટિ બને છે.

જગત-બ્રહ્મ સ્વભાવવાળો ઈશ્વર તથા જડદ્રવ્ય, દૃષ્ટા-દૃશ્ય,પુરુષ-પ્રકૃતિરૂપે દ્વૈતાદ્વૈતની આણ સર્વત્ર છે. આ પ્રશ્નને આચાર્ય શંકર અતિપ્રશ્ન કહી ब्रह्म सत्यं जगत्मिथ्या કહી અટકી જાય છે. આ અકળ તત્ત્વને पूर्णमदः पूर्णमिदं पूर्णात् पूर्णमुदच्यते કહેવાયું. આમ તો આ વિશ્વ કૃતિ એ મહદાકારની જ છે.

**પરા-અપરા**

'નામરૂપ જૂજવા અંતે તો હેમનું હેમ હોયે.' માત્ર વાચારંભણ વેદાંત જેને કહે છે તે 'અપરા' અને જેના વડે અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ તે 'પરાવિદ્યા' છે.

**કર્મનિયમ**

અથર્વવેદ ગાય છે 'મારા જમણા હાથમાં કર્મ અને ડાબા હાથમાં વિજય નિશ્ચિત છે' વા 'ઝાઝા હાથ રળિયામણા' કે 'હાથે તેનું સાથે' ન માત્ર કહેવતો છે પણ કર્મમહિમાને

ગાય છે. મનુષ્યને પ્રભુ પ્રેરિત કરે અને તે કામઢો થાય તેવી કામના અથર્વવેદમાં થઈ છે. देवस्य सवितुः सर्वे कर्म कृण्वन्तु मानुषाः અથર્વ.(૨૩-૩) 'સેવા કરો તો મેવા મળે'. ऋध्याम कर्मापसा नवेन (ઋ. ૧-૬૧-૮) આપણે નવનવા કર્મોથી પોતાના પૂર્વારબ્ધ કર્મોને આગળ વધારતાં રહીએ.

આ કર્મ જગતશાસ્તા છે. ઈશ્વર કર્માધ્યક્ષ છે. (શ્વેતાશ્વતર) યાજ્ઞવલ્ક્યને પૂછવામાં આવતા કે 'મૃત્યુ બાદ વ્યક્તિમાં શું શેષ રહે છે.' ત્યારે જે પ્રત્યુત્તર હતો તે રહ્યો— 'જે જેવો છે તેવું તે પ્રાપ્ત કરે છે'. (બૃહ.૪-૩-૩૭ થી ૩૮) કે જેમ સુવર્ણકાર સોનાના ટૂકડામાંથી વિવિધ આકૃતિવાળા ઘાટ બનાવે છે તેમ આ જીવાત્મા આ શરીરને ફેંકી દઈ અને અજ્ઞાનને દૂર કરવા કોઈ નવીન અને સુંદર રૂપ ધારણ કરી લે છે. (કઠ.૧-૧-૫ થી ૬) ગીતાકાર કહે છે· 'वासांसि जीर्णानि' જ્યાં શરીર બદલાય છે, આત્મા કર્મ પ્રમાણે સંસર્ગ કરે છે. જીવનાવસ્થા કર્મને પ્રતિબદ્ધ છે. (બૃહ.દા. ૪-૨) અજ્ઞાની વ. સૂર્યરહિત લોકમાં ગમન કરે છે. ઈશ.૩, કઠ.૧-૧-૩, બૃહદા. ૧-૧-૧૦).

આ આત્મા સ્વકર્માનુસાર આત્મોન્નતિ-અવનતિ કરે છે અને તે કર્મમીમાંસા છે.

**નીતિ-આચરણ**

महाजनो येन गतः स पन्थाः એ નૈતિકતાના પાઠને ઉપનિષદો આ રીતે દર્શાવતાં કહે છે-હે શિષ્ય અમારા સુચરિતોની તારે ઉપાસના કરવી નહિ કે અન્યની. यान्यस्माकं सुचरितानि तानि त्वयोपास्यानि, नो इतराणि । (તૈતિ.૧-૧૧) જીવનને પરમ બનાવવા કે સફળ થવાના ઉપાય તરીકે નીતિમત્તાના ધોરણો દર્શાવતાં ઉપનિષદો શ્રેય -પ્રેયમાંથી કોને પસંદ કરવા? તેના દાખલાઓ નચિકેતા મૈત્રેયી વ. માંથી મળે છે

श्रेयश्च प्रेयश्च मनुष्यमेतस्ती संपरीत्य विविनक्ति धीरः।
श्रेयो हि धीरोडभिप्रेयसो वृणीते प्रेयो मन्दो योगक्षेमाद् वृणीते ॥
(कठ. १-२-२)

સન્માર્ગે શ્રેય લઇ જાય છે તેના ઉપર ભાર મૂકીને નૈતિક્તાનો બોધ સહજતાથી આપી દે છે. રથના સારથીની સમજ અને મનના અંકુશ વડે જીવનના લક્ષ્યરૂપ સર્વવ્યાપક પરમતત્ત્વને પમાય છે. આને સુત્રવાદનો ન વિરોધી પણ પ્રેયની પ્રાપ્તિમાં વિવેકને સમજાવે છે- किमहं साधुनाकरवम्, किमहं पापमकरवम् इति । स य एव विद्वान् एते आत्मानम् स्पृणुते, उभे हि एवैष एते आत्मानम् स्पृणुते य एवं वेद इति उपनिषत् । (તૈતિ.૨-૯-૧)બ્રહ્માનંદનો જ્ઞાતા પોતે સાચું કર્મ શા માટે ન કર્યું? પાપકર્મ શા માટે કર્યું? આવા વિચારોથી પીડાતો નથી. આ બન્નેથી તે પોતાની જાતને બચાવે છે.

**ધર્મભાવ**

'શીશ આપ્યા વિના શ્યામ રીઝે નહીં, ભક્તિની વસમી છે વાટું, આ તો શીશ તણું છે સાટું' ધર્મમાર્ગ છરાની ધાર જેવો છે. ભક્તિ તો' ખાંડા કેરી ધાર એવું દેશજ કવિયત્રી પાનબાઈએ કહી દીધું આ જ ભાવ-

उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत ।
क्षुरस्य धारैव निशिता दुरत्यया दुर्गम पथस्तात् कवयो वदन्ति ॥
(કઠ. ૧-૩-૧૪)

ધર્મ માણસને જગાડે છે. આત્માના કેન્દ્રસ્થાને રાખી જીવનને સમગ્રલક્ષી બનાવવાની વાત કરી છે.

**મોક્ષ**

મોક્ષ ચતુર્વિધ પુરુષાર્થોમાંનો એક અને માનવજીવનનું લક્ષ્ય તથા અંતિમ પુરુષાર્થ છે. ઈહામુત્ર સુખો પ્રત્યે ધ્યાનસ્થ જીવ શેનાથી મુક્ત બને છે? सा विद्या या विमुक्तये સૂત્રાનુસાર મુમુક્ષાનો પ્રહરી માનવ અનેક જન્મોના અંતે જ્ઞાની બનતો તે તત્ત્વને પામે છે. ગીતા- बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते (ગી. ૭-૧૯)

તો બીજી બાજુ ऋते ज्ञानान्न मुक्तिः એવી ઉપષિદોની દૃઢ માન્યતા છે. ब्रह्मविद् ब्रह्मैव भवति । મુંડકોપનિષદ આ બાબતને આ મંત્રમાં સ્પષ્ટ કરે છે

यथा नद्यः स्यन्मानाः समुद्रेडस्तं गच्छन्ति नामरुपे विहाय ।
तथा विद्वान्नामरुपाद्विमुक्तः परात्परं पुरुषमुपैति दिव्यम् ॥
(મું.-૩-૮)

નામરૂપ ત્યજીને પરાત્પર પુરુષને પામે છે વિદ્વાન.તો આ જ્ઞાન જ નૌકા બનીને સંતરણ કરાવે અને તે તત્ત્વ સુધી પહોંચાડે છે.મુક્તિ માનવને સ્વથી વ્યષ્ટિ સુધી લઈ જાય છે. બૃહદારણ્યકોપનિષદ કહે છે 'જે હું બ્રહ્મ છું એમ જાણે છે તે બધા સાથે એકરૂપ થઈ જાય છે. (બ્રૃ.૧-૪-૧૦).

આમ સનાતન તત્ત્વની શોધ એટલે ઉપનિષદનું અંતિમ સત્ત્વ મુક્તિ.

ધર્મ, જગત, જીવ, સદાચાર કે પરમ સત્તા જેવા અમર તત્ત્વોની કથાઓ ઉપનિષદના વિષયો છે. ક્રમશઃ પ્રત્યેક ઉપનિષદના વિચારોનું દોહન મનીષિઓએ તેનું હાર્દ ગણ્યું છે તેને આપણે સરળ ભાષામાં જોઈશું.

(પ્રિન્સિપાલ, એન-એ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કૉલેજ,
વલ્લભ વિદ્યાનગર)

॥ અભ્યાસ ॥

# ચકલાસીના બાહોશ રણછોડ વીરા (૧૮૯૮)

**બી.એન. ગાંધી**

ગુજરાતના ખેડા જિલ્લાના પ્રમુખ નગર નડિયાદ અને ઉત્તરસંડા નજીક આવેલ ચકલાસી ગામમાં, વીસમી સદીના અંતિમ દશકા દરમિયાન ૧૮૯૮માં બની ગયેલ એક મહત્ત્વપૂર્ણ ઘટનાની નોંધ ગુજરાતના ઇતિહાસમાં લેવાઇ જ નથી. દસ્તાવેજો, પુરાતત્ત્વીય અને સાહિત્યિક સાધનો વગેરેના આધારે આલેખિત ઇતિહાસ ઉપરાંત બીજા પ્રકારનો ઇતિહાસ એ છે કે જે લોકવાર્તાઓ કે લોકગીતોમાં અભિવ્યક્ત થયેલ હોય છે અને તે પરંપરાથી લોકોની સ્મૃતિમાં જળવાઇ રહે છે. ચકલાસીની ઘટના આનો અપવાદ છે. આ ઘટના વિશે કોઇ લોકવાર્તા કે લોકગીત પ્રાપ્ત થતા નથી. આશ્ચર્ય ઉપજાવે એવી બાબત એ છેકે ગામના લોકો આ ઘટના અંગે કોઇ માહિતી આપી શકતા નથી.

કેલિફોર્નિયા યુનિવર્સિટીના ઇતિહાસના પ્રાધ્યાપક વિનાયક ચતુર્વેદીએ વિભિન્ન દફતરભંડારો- સરકારી કાર્યાલયોમાં ઉપલબ્ધ સાધનોનો ગહન અભ્યાસ કરીને તેમજ ચકલાસી વગેરે ગામોમાં ક્ષેત્રીય કાર્ય દ્વારા પ્રાપ્ત કરેલ માહિતીના આધારે આ ઘટનાને ઉજાગર કરી છે. આ ઘટના સંબંધિત ગ્રંથ ‘Peasant Pasts: History, Politics and Nationalism in Gujarat 2007’માં કેલિફોર્નિયા યુનિવર્સિટી પ્રેસે પ્રસિદ્ધ કર્યો હતો. ભારતમાં એ પ્રથમ વખત ૨૦૦૮માં પ્રકાશિત કરવામાં આવ્યો હતો. આ લેખનો હેતુ ૧૮૯૮ની એ ઘટનાની માત્ર સામાન્ય માહિતી જ આપવાનો છે.

આજથી લગભગ ૧૨૦ વર્ષ પૂર્વે ચકલાસી ગામના રણછોડ વીરાએ પોતાની જ્ઞાતિ ધારાલાના સમર્થકો સાથે પોતાને રાજા જાહેર કર્યો અને સ્પષ્ટ કહ્યું કે બ્રિટિશ રાજ્યનો અંત આવ્યો છે. (પૃ. ૧૬૯). પ્રા. ચતુર્વેદી માટે રણછોડ વીરાના સીધા વંશજની શોધ કરવાનું મુશ્કેલ સાબિત થયું.ચકલાસીની કોઇપણ વ્યક્તિએ ભાગ્યે જ રણછોડ વીરાનું નામ સાંભળ્યું હતું. (hardly any one in Chaklasi had even heard of Ranchhod Vira) આખરે પ્રા. ચતુર્વેદીએ ૭૦ વર્ષથી વધુ વયના બે ભાઇઓને- ચતુરભાઇ ફૂલાભાઇ વાઘેલા અને મણિભાઇ ફૂલાભાઇ વાઘેલા- શોધી કાઢ્યા. તેઓએ પ્રા. ચતુર્વેદીને ફક્ત એટલું જ જણાવ્યું કે તેમના માતા-પિતા રણછોડ વીર હોવાનું જાણતા હતા અને તેણે અંગ્રેજો સાથે સંઘર્ષ કર્યો હતો. આથી વધુ માહિતી તેઓ પાસે ન હતી. તેઓએ આ ઘટનાનો ઉલ્લેખ આંદોલન કે ક્રાંતિ તરીકે કર્યો હતો. રણછોડ વીરા કે એ ઘટના વિશે કોઇ લોક વાર્તા કે લોકગીત રચાયા ન હતા કે બારોટ (વહીવંચા) ના ચોપડામાં કોઇ ઉલ્લેખ કરાયો ન હતો.

“I was perplexed to say the least that a movement, that identified as a revolution had simply lost its significance." (p.170)

પ્રા. ચતુર્વેદી લખે છે કે ‘મને એ કહેતાં મુંઝવણ થાય છે કે તેઓએ જે ઘટનાને ક્રાંતિ તરીકે ઓળખાવી હતી, તેને સર્વથા પોતાનું મહત્ત્વ ગુમાવ્યું હતું.’ (પૃ. ૧૭૦)

૧૨ જાન્યુઆરી ૧૮૯૮ના રોજ રણછોડ વીરા અને પોલીસ વચ્ચે સંઘર્ષની શરૂઆત થઇ. ધારાલાઓ દ્વારા પોલીસને માંડવામાંથી ભગાડી મૂકવામાં આવી. ઇન્સ્પેક્ટરે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓને પરિસ્થિતિની જાણ કરતાં જિલ્લા પોલીસ અધિક્ષક અને કલેક્ટર ૧૩મી જાન્યુઆરીએ ૨૦૦ સિપાઇઓ સાથે આવી ગયા. (પૃ. ૭૧)

માંડવા નજીકના ખેતરમાંથી રણછોડ વીરા અને અન્ય ૧૦ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી. નડિયાદની સેશન્સ અદાલતમાં ન્યાયાધીશ ઇ.એચ.ઇ. લેગ્ગાટની હાજરીમાં કેસની કાર્યવાહી કરવામાં આવી. તારીખ ૯ જુલાઇ ૧૮૯૮ના રોજ જજ લેગ્ગાટે રણછોડ વીરાને સરકારને ઉથલાવી પાડવા માટેનું ષડયંત્ર રચવાના તેમજ સરકારી કર્મચારીને ગંભીર ઇજા પહોંચાડવા વગેરે બદલ ૧૪ વર્ષની સખત કેદની સજા કરી હતી. સાલીયા બાજીને ખૂન કરવાના અપરાધ માટે ફાંસીની સજા કરવામાં આવી. અન્ય બીજાઓને બે વર્ષ સુધીની સખત કેદની સજા કરવામાં આવી. ઓક્ટોબર ૧૮૯૮માં, રણછોડે સજામાં ઘટાડો કરવા માટે કરેલ અપીલમાં જણાવ્યું કે - “I have not committed the offences of which I have been convicted by the high Court." (P.96)

‘મને ઉચ્ચ ન્યાયાલય દ્વારા જે અપરાધો માટે ગુનેગાર ઠરાવવામાં આવેલ છે એ અપરાધો મેં કર્યા જ નથી.’ (પૃ.૯૬)

અપીલ કર્યાના ટૂંક સમય બાદ રણછોડ વીરાનું જેલમાં અવસાન થયું. આ તથ્યને સમર્થન આપતો કોઇ હેવાલ ઉપલબ્ધ નથી, પણ કોર્ટની ૧૮૯૮ના કેસની કાર્યવાહીની નકલમાં રણછોડના નામ પછી ‘died’ એટલી જ સાદી અધિકૃત નોંધ કરવામાં આવેલ છે. વિનાયક ચતુર્વેદીના મતે, "The political future was unclear of the turn of century."

મોટા ભાગના ખેડૂતોને એ સ્પષ્ટ થયું હતું કે સાંસ્થાનિક રાજ્ય અમલનો અંત સહેલાઇથી આવશે નહિ. સદીના પરિવર્તન સમયે રાજકીય ભવિષ્ય અસ્પષ્ટ હતું. (પૃ.૯૮)

(૧૫૧, પ્રભાકુંજ, સોસાયટી, શ્રીમાળી વાડી પાસે, ગોધરા મોઃ ૯૮૨૫૪૨૨૩૦૧, ૦૨૬૭૨-૨૪૨૩૦૧)

॥ચિંતન॥

## જીવન એક ઉત્સવ

**ઈશ્વર વાઘેલા**

જીવન અંગે ખલીલ જિબ્રાનના ઉખાણાં સમજવા જેવા છે. (૧) એક મિત્રે બીજા મિત્રને કહ્યું : ''ગઈ કાલે એ સુંદરી મારા હાથ પર ઝૂલતી હતી, ઝૂકતી હતી! આજે તારા હાથ પર ઝૂલે છે! આવતી કાલે તે કોઈ ત્રીજા જુવાનનાં હાથ પર ઝૂલતી હશે!''

(૨) એક મિત્રે બીજા મિત્રને કહ્યું: ''ગઈ કાલે એ સુંદરી મારી નજીક મને વળગીને બેઠી હતી. મને ખૂબ પ્યાર કરતી હતી ! આજે તે તને પ્યાર કરે છે! આવતી કાલે તે કોઈ ત્રીજી વ્યક્તિને પ્યાર કરશે!''

(૩) એક મિત્રે બીજા મિત્રને કહ્યું: ''આજે એ સુંદરી તને ચુંબન કરે છે! ગઈ કાલે તે મને ચુંબન કરતી હતી! આવતી કાલે તે કોઈ ત્રીજાને ચુંબન કરશે!'' આ અજબ વિચિત્ર સુંદરી કોણ છે! સુંદરીનું નામ છે જિંદગી.

જીવનમાં આજે આપણને સુખ લાગે, કાલે બીજાનું જીવન સારું લાગે તેમ બનવાની શક્યતા વિશેષ છે. ત્યારે શૂન્ય પાલનપુરીએ કહ્યું છે તે અગત્યનું છે.

''જિંદગીથી જ્ઞાન એ લાદ્યું મને
શૂન્ય ! બળતી આગમાં પણ છે પ્રકાશ''

જીવનમાં સુખદુઃખ આવે જ. જીવનમાં હાસ્યરુદન હોય જ. પણ જે બન્નેમાં સંતુલન રાખે તે જ સાચું જીવન જીવી શકે. જીવન ઉત્સવ છે, જીવન બગીચો છે. જીવન નિષ્કપટ ટહુકો છે. જીવન સમુદ્રની ગર્જના છે. જીવન મંદ મંદ સમીર છે. જીવન હિમાચ્છાદિત શિખરો છે. જીવન અરણ્યોથી અડાબીડ એકાન્ત છે, જીવન વિવિધતાથી ભરેલું છે. મકરન્દ મુશળે કહે છે કે,

''કેટલા રંગો બદલતી હોય છે,
જિંદગી છળથી છલકતી હોય છે.''

શબ્દ પ્રીત કહે છે કે,

''ખેલ ખેલાવે મને કઠપૂતળી સમજી સતત
કોક મોટા બાપની બેટી સમી આ જિંદગી''

આમ જીવનના અનેક પાસાં વચ્ચે જીવવાનું છે. આપણને ખબર ન પડે કે જીવન એકભર્યું નાળિયેર છે, એનું ટોપરું મીઠું કે સ્વાદવાળું, તેનું પાણી મીઠું કે ખારું? છતાં આપણે તે જીવન જીવવાનું છે. ભગવતીકુમાર શર્મા કહે છે કે, ''શક્ય નથી કે ઊતરી પડીએ અધવચાળે,
જીવન બીજું શું છે? કેવળ વાઘસવારી.''

જીવન વાઘ પરની સવારી છે. વાઘ પર સવારી કરવી જેટલી મુશ્કેલ છે તેટલી મુશ્કેલ જિંદગી જીવવામાં છે. છતાં તે જીવવી જ પડે તેમ છે. કારણ કે 'જીવન એટલે ઈશ્વરે પોતાના ઉત્સવની આપણને લખેલી કંકોતરી છે. સેઈફ ડિપોઝીટ વોલ્ટમાં મૂકેલી જણસ કરતાં જીવન નામની જણસ અનેક ગણી મૂલ્યવાન છે. ત્યારે તેને જીવવામાં પણ અગત્યતા રહેલી છે. ભગવાને આ જીવન આપ્યું તેની પાછળ મહત્ત્વનું કારણ 'સૌ સાથે રહેવાનું છે.' આપણે આપણને જે કોઈ મળે તેની સાથે સામંજસ્ય સ્થાપીને રહી શકીએ તો જ જીવન સાર્થક બને. વિમલા ઠકાર કહે છે કે,

''ન કુછ પહલે હૈં, ન કુછ બાદ,
ન આજ હૈ, ન કલ,
ન અનુકૂલ હૈ, ન પ્રતિકૂલઃ
જીને મેં હી જીવન કી પરિપૂર્તિ હૈ
ચરણ ઉઠાકર ચલનેમેં હી
યાત્રાકી ફલશ્રુતિ હૈ.''

ઓકતાવિયો પાઝ કહે છે કે,

''જીવન ખરેખર નહોતું ક્યારેય આપણું,
એ હતું હંમેશા અન્યનું.
જીવન કોઈનું જ નહોતું, જીવન હતું
સૂર્યના ખોરાક જેવું બીજાનું.
એ બીજા - પારકાં તે આપણે.''

જીવન અન્ય માટે જ જીવી રહ્યા છીએ. જીવન સાથે કેટલાં જણ જોડાયેલાં છે. તે ગણવા બેસો તો ખબર પડે કે જીવન તમારું નથી. પણ જીવન બીજા માટે જ છે. અંગ્રેજ કવયિત્રી મેરી કહે છે કે, ''જીવન એક નદી છે. સત્કાર્ય તેનો સ્નાનઘાટ છે. સત્ય એનું જળ છે. નૈતિકતા એના કિનારા છે. દયા એનાં મોજાં છે. આવી નદીમાં સ્નાન કરો.'' જીવનમાં સારા કાર્યો કરવા સત્ય, પ્રેમ, દયા, કરુણાને પ્રાધાન્ય આપવું જ પડે. એક કવિએ કહ્યું છે કે,

''બની શકો તો કિસ્તકા દીપક જલાના,
કિસીકા દિલ મત જલાઓ,
બની શકે તો ફૂલ બિછાના,
કિસી કે જીવન મેં કાંટે મત બિછાના.''

જિંદગીમાં જાત જાતના અનુભવો થાય છે. જિંદગી માણસોની સામે જાત જાતના લટકાં કરે છે. ઘડીક

હસે છે ને હસાવે છે. ઘડીક રડે ને રડાવે છે. ઘડીક નાચે ને નચાવે છે. જિંદગીને શું કહીશું? વરદન કે શાપ? વિચારવું પડે. જે જેવું વિચારે તેવું તેનું જીવન બને. કારણ જિંદગીને માણવી કે મારવી. તેમાં મ્હાલવું કે ભટકવું. જીવનમાં વનરાજી લાવવી કે નારાજી. તેને સદાબહાર ગણવી કે સદાહાર. એ વ્યક્તિનાં હાથની વાત છે. ગ્રેનવીલ કલીસર કહે છે કે, ''જીવન એક પાઠશાળા છે. જેમાં તમે સતત શીખતા હોય છે કે કેવી રીતે આપણે વધુ સારી રીતે કામ કરીએ. વધુ યોજનાઓ બનાવીએ. વધુ ઉપલબ્ધિઓ પ્રાપ્ત કરીએ. જીવનની પાઠશાળાનો શિક્ષક કઠોર અને નિર્દય લાગે પરંતુ તેની સમગ્ર શિસ્ત તમારા હિતમાં હોય છે.'' મનસુખલાલ ઝવેરી કહે છે કે,

''જિંદગી! નહોતી ખબર કે માત્ર તું તો છે ગણિત
એક પગલું ખોટું ને, ખોટો જ આખો દાખલો.''

જીવનમાં આપણા કારણે જ ચડતી-પડતી આવે છે. જીવનમાં ચાલતા જ રહેવું પડે. જે ચાલે તેનું જીવન ચાલે. 'સફર' ફિલ્મનું ગીત છે કે,

''જીવન કહીં ભી ઠહરતા નહીં હૈ,
આંધી તુફા સે ડરતા નહીં હૈ।
તુ ના ચલેગા તો ચલ દેગી રાહેં (૨)
મંઝિલ કો તરસેંગી તેરી નિગાહેં,
તુજકો ચલના હોગા (૨)''

જીવનનો સમય કદી અટકતો નથી. તેથી માણસે પણ સતત ચાલતા રહેવાનું છે. અનુભવોમાંથી શીખતા રહેવાનું છે. યોગ્યનું આચરણ કરતા રહેવાનું છે. દરેક માણસે સમજવાનું છે કે, મારી પાસે પરમાત્માએ આપેલું સુંદર, સ્વયં સમૃદ્ધ જીવન છે. તેને સારી રીતે જીવી જાણવું તે મારી ફરજ છે. જીવન બોજ નથી કે તે બદલવાની વસ્તુ પણ નથી. જીવનમાં સુખ, સમૃદ્ધિ અને સંતોષ કેમ મેળવવો તે મારા હાથની વાત છે. જે મળશે તે શાશ્વત હશે. બાકી બધું તો ક્ષણિક છે. જિંદગી 'આવી' અને 'ચાલી ગઈ' એ બે ક્રિયાપદ જેવડા છે તે પણ જાણવું જોઈએ. જીવવામાં જીવનની પરિપૂર્તિ છે ત્યારે ઉંમર ઉંમરનું કામ કરે, રોગ રોગનું કામ કરે. વ્યક્તિએ પોતે હરહાલમાં જિંદગીને ઉત્સવ બનાવીને જીવવામાં જ સાર છે. ટાગોરના મતે, 'જીવનનો કોઈ સારા કાર્યમાં ઉપયોગ કરવો તેમાં જીવનની સાર્થકતા રહેલી છે.' કારણ કે,

''જિંદગીનું પહેલી વસ્ત્ર ઝભલું
જેમાં નથી હોતું ખિસ્સું
જિંદગીનું અંતિમ વસ્ત્ર કફન
જેમાં નથી હોતું ખિસ્સું.''

આમ કોઈ કશું લઈને આવતું નથી. કશું લઈને જતું નથી. ત્યારે જીવન સ્વની સાથે સૌ માટે જીવવામાં જ મજા છે. એક કવિ કહે છે કે,

''કોઈ હસ હસ કર મરા, કોઈ રો-રો કર મરા
જિંદગી પાઈ ઉસીને, જો કુછ હો કર મરા.''

આ કોણ કરી શકે? જેણે સ્વાદ અને વાદ જીતી લીધા હોય અને તમામ વિવાદ નિવારી સર્વત્ર સંવાદ સ્થાપ્યો હોય તેણે જ જીવન જીતી લીધું હોય છે.
હેરી ઈમર્સન કહે છે કે,

કઠોરતા જીવનને કેદી, નિષ્ક્રિય, કડવું, રોગી અને અંધ બનાવે છે જયારે પ્રેમ જીવનને મુક્ત, શક્તિશાળી, સક્રિય, મીઠું, સાજું, તાજું અને દિવ્ય બનાવે છે. આ વાતને સમજીને વ્યક્તિએ પ્રેમભર્યું જીવન જીવવા તરફ પ્રયાણ કરવું જોઈએ. એક ફિલ્મી ગીત છે કે,

''જ્યોત સે જ્યોત જલા કે ચલો,
પ્રેમ કી ગંગા બહાકે ચલો.''

પ્રેમની ગંગા વહેવડાવે તેને માટે કવિ કહે છે કે,

''જિંદગી એસી બના, જિંદા રહે દિલ સાથ તું,
નિધન હો તેરા, દુનિયા મેં યાદ રહે તું.''

જીવનને સુખમય બનાવવા માટેના કાર્યો કરતા રહીએ.

- હસવા માટે સમય કાઢો, એ આત્માનું સંગીત છે.
- રમવા માટે સમય કાઢો, એ અખંડ યૌવનનું રહસ્ય છે.
- સપના જોવા માટે સમય કાઢો, એ તારલા પાસે પહોંચાડશે.
- વિચારવા માટે સમય કાઢો એ શક્તિનો સ્રોત છે.
- વાંચવા માટે સમય કાઢો, એ શાણપણનો ઝરો છે.
- મિત્રતા માટે સમય કાઢો, એ સુખનો મુકામ છે.
- આપવા માટે સમય કાઢો, એ પરમાર્થનો માર્ગ છે.
- પ્રેમ આપવા-મેળવવા માટે તત્પર રહો, એ ઈશ્વરદત્ત અધિકાર છે.
- કામ કરવા માટે સમય કાઢો, એ સફળતાનું મૂલ્ય છે.
- પ્રાર્થના માટે સમય કાઢો, એ પૃથ્વી પરનું મહાસામર્થ્ય છે.

સૌનું જીવન ઉત્સવ બની રહે, જીવન પ્રભુમય બની રહે, જીવન પ્રેમમય બની રહે તેવી પ્રભુને પ્રાર્થના.

(૧૦, વૃંદાવન બંગ્લોઝ, ધારાનગરી રોડ, વલ્લભ વિદ્યાનગર)

॥ રમત-જગત ॥

## ક્રિકેટના ભીષ્મપિતામહ : ડોનાલ્ડ બ્રેડમેન

**પી.ડી. શર્મા**

વિશ્વમાં ક્રિકેટજગતમાં જે સ્થાન ઓસ્ટ્રેલિયાના 'બેતાજ બાદશાહ' સર ડોનાલ્ડ બ્રેડમેનનું છે તેવું સ્થાન આજદિન સુધી કોઈનું નથી. આજે સમગ્ર વિશ્વ તેમને 'ક્રિકેટના ભીષ્મપિતામહ' તરીકે ઓળખે છે. આજે વિશ્વ દરેક ક્રિકેટ ખેલાડી માટે તેમની રમત એક 'આદર્શ' ગણાય છે. એટલા માટે જ દૂરદર્શન પરથી પ્રસારિત થયેલ 'બોડીલાઈન' સીરિયલ ખૂબ જ લોકપ્રિય બની હતી. તેમના દ્વારા પ્રાપ્ત કરેલ ૯૯.૯૪ની સરેરાશ ફક્ત 'વિશ્વવિક્રમ' જ નથી, પરંતુ કોઈપણ ક્રિકેટર માટે એક સીમાચિહ્ન પણ છે. સર બ્રેડમેન જ દુનિયાના એકમાત્ર એવા બલ્લેબાજ હતા કે જેના બેટથી મુશ્કિલથી મુશ્કિલ પરિસ્થિતિમાં પણ રન ઝરતા હતા.

**નાનકડા ગામમાં જન્મ**

વિશ્વવિખ્યાત સર ડોનાલ્ડ બ્રેડમેનનો જન્મ ઓસ્ટ્રેલિયાના ન્યુ સાઉથવેલ્સના નાનકડા ગામમાં ૨૭ ઓગસ્ટ, ૧૯૦૮ના રોજ થયો હતો. તેમના પિતા એક સામાન્ય ખેડૂત હતા. જ્યારે તેઓ ફક્ત બે વર્ષના જ હતા ત્યારે તેમનું કુટુંબ સીડનીથી ૫૦ માઈલ દૂર બોરલ સ્થળે વસી ગયું હતું. સામાન્ય વિદ્યાર્થીઓની જેમ જ તેમણે હાઈસ્કૂલની પરીક્ષા પાસ કરી હતી અને અન્ય ઓસ્ટ્રેલિયાના નવયુવાનોની જેમ જ અભ્યાસની સાથે-સાથે રમતગમતમાં પણ રુચિ રાખતા હતા.

**ગોલ્ફના દડાથી શરૂઆત**

બ્રેડમેને ક્રિકેટ રમવાની શરૂઆત ગોલ્ફના દડા અને ક્રિકેટની વિકેટથી કરી હતી. પ્રારંભથી જ ગમે તે દિશામાંથી આવતા દડાને ધારેલી દિશામાં મોકલવામાં બ્રેડમેન માહિર થઈ ગયા હતા. જ્યારે બ્રેડમેને ક્રિકેટના દડાથી રમવાની શરૂઆત કરી તો તેમને જરા પણ તકલીફ પડી નહિ. દડો ગમે તેટલી ઊંચાઈ અને ગમે તે દિશામાંથી આવે તો પણ બ્રેડમેન એને ખૂબ જ સહેલાઈથી રમી શકતા હતા. દરેક ગેંદબાજ માટે બ્રેડમેનને આઉટ કરવું માથાનો દુ:ખાવો હતો. લાંબા સમય સુધી વિકેટ પર ટકી રહેવાની તેમનામાં અભૂતપૂર્વ શક્તિ હતી. 'બ્રેડમેન' અને 'શતક' પર્યાયવાચી શબ્દો થઈ ગયા હતા. પ્રેક્ષકો પણ બ્રેડમેનની પાસેથી કાયમ 'શતક'ની જ આશા રાખતા હતા અને બ્રેડમેને મોટા ભાગે પ્રેક્ષકોની ઈચ્છા પૂર્ણ કરી હતી.

**સર્વશ્રેષ્ઠ સરેરાશ:**

આજ દિન સુધી ક્રિકેટ જગતમાં ૯૯.૯૪ની સરેરાશ કોઈપણ બલ્લેબાજે પ્રાપ્ત કરી નથી. કપરામાં કપરી પરિસ્થિતિમાં 'શતક' બનાવીને અને ઓસ્ટ્રેલિયાની ટીમને જીતાડવામાં બ્રેડમેનનો ખૂબ જ અગત્યનો ફાળો રહ્યો છે. બ્રેડમેને પોતાની ૨૦ વર્ષની કારકિર્દીમાં ૫૨ ટેસ્ટમેચો ૮૦ પારીઓ રમીને ન કલ્પી શકાય તેવી ૯૯.૯૪ની સરેરાશ પ્રાપ્ત કરી હતી. આજે પણ ક્રિકેટ ખેલાડીઓ માટે આ આંક એક સીમાચિહ્ન ગણાય છે.

**જમીનની દલાલીનો ધંધો:-**


શાળામાં અભ્યાસપૂર્ણ કર્યા પછી બ્રેડમેને જમીનની દલાલીનો ધંધો શરૂ કર્યો હતો. અને સાથે-સાથે ક્રિકેટની રમત રમવાનું ચાલુ રાખ્યું હતું. તેઓએ ન્યુ સાઉથવેલ્સ તરફથી રમીને બે મેચોમાં ૧૧૮, ૩૩, ૭૩ અને ૧૩૪ રન બનાવ્યા હતા અને આ રીતે ઓસ્ટ્રેલિયાની રાષ્ટ્રીય ટીમમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું અને તે તેમણે છેલ્લે સુધી ટકાવી રાખ્યું હતું. સૌ પહેલાં તેમને ટેસ્ટમેચ રમવાની તક ૧૯૨૮માં ઈંગ્લેન્ડની સામે મળી હતી. ૧૯૨૯-૩૦માં ક્વીન્સલેન્ડની સામે ૪૫૨ રન બનાવીને તેમને પોતાના આત્મબળ અને આત્મવિશ્વાસનો પરિચય આપ્યો.

**૧૯૩૦માં ઈંગ્લેન્ડમાં શ્રેષ્ઠ પ્રદર્શન:**

ડોન બ્રેડમેન ૧૯૩૦માં વુડફુલના નેતૃત્વમાં ઈંગ્લેન્ડ રમવા ગયા હતા.ત્યા ંતેમને દરેક ટેસ્ટમાં તેમજ દરેક પારીમાં શતક કે તેથી પણ વધુ રન બનાવીને ઈંગ્લેન્ડના પસંદગીકારો, સમીક્ષકો, પત્રકારો, ખેલાડીઓ અને પ્રેક્ષકોને આશ્ચર્યમાં નાંખી દીધા હતા. બ્રેડમેનને આઉટ કરવો કોઈ સહેલી બાબત ન હતી. મેદાન ઉપર બ્રેડમેન જેટલા તેજ, જોશીલા અને ભયંકર દેખાઈ પડતા હતા તેનાથી બિલકુલ વિરુદ્ધ મેદાનની બહાર તેઓ શાંત અને એકાન્તપ્રિય હતા. ૧૯૩૨માં તેઓએ દક્ષિણ આફ્રિકાની વિરુદ્ધ ટેસ્ટ શ્રેણીમાં ૧૧૯૦ રન બનાવીને 'નવો કીર્તિમાન' સ્થાપિત કર્યો હતો. પ્રેક્ષકો કાયમ બ્રેડમેનથી મોટી સંખ્યામાં રનોની અપેક્ષા રાખતા હતા. અને બ્રેડમેન કાયમ તેમની આ ઈચ્છા પૂર્ણ પણ કરતા હતા.

**મહાન ખેલાડીની મહાન રમત:**

ઈંગ્લેન્ડના વિખ્યાત ક્રિકેટ વિવેચક પીટર રોજક ૧૯૩૦માં લોર્ડઝમાં મેદાન પર ડોન બ્રેડમેનની રમતને ક્રિકેટના ઈતિહાસની એક અવિસ્મરણીય રમત ગણે છે. ૧૯૩૦ની ૨૭મી જૂને લોર્ડઝના મેદાન પર ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડની મેચ શરૂ થઈ ત્યારે અગાઉની ટેસ્ટબ્રીજ પહેલી ટેસ્ટમાં ઈંગ્લેન્ડે વિજય મેળવ્યો હતો અને લોર્ડઝની આ બીજી ટેસ્ટમાં ઈંગ્લેન્ડે એના પહેલા દાવમાં ૪૨૫ રનનો જુમલો કર્યો હતો.




આ પરિસ્થિતિમાં ઓસ્ટ્રેલિયાને જીતવું હોય તો તીવ્ર ઝડપે જંગી જુમલો કરવાની જરૂર હતી. ડોન બ્રેડમેન રમવા આવ્યા ત્યારે ઓસ્ટ્રેલિયાના એક વિકેટના ભોગે ૧૬૨ રન થયા હતા. દિવસ પૂરો થયો ત્યારે બ્રેડમેન ૧૫૫ રન, ૧૫૫ મિનિટમાં કરી અણનમ ઊભા હતા. રમત પર બ્રેડમેનનો સંપૂર્ણ પ્રભાવ પથરાયેલો હતો. શોર્ટ પીચ દડાને મિડ વિકેટ બાજુથી ફટકારતો હતો અને સ્પિન દડાને આગળ વધીને ખેલતા હતા. ઇંગ્લેન્ડના સુકાની પર્સી ચેપમેન એક પછી એક તમામ નુસખાઓ અજમાવી ચૂક્યો પણ બ્રેડમેનના રનના ધોધને અટકાવી શક્યો નહિ. એ એક ખાલી જગ્યા જગા પર ફિલ્ડર મૂકે તો બ્રેડમેનના દડા બીજી ખાલી જગ્યા પર ધસમસવા લાગે. બ્રેડમેને ૪૬ મિનિટમાં ૫૦ રન કર્યા, ૧૦૦ મિનિટમાં ૧૦૦ રન કર્યા. સામે છેડે બેટિંગ કરતો વુડફૂડ તો પ્રેક્ષકો જેવો જ લાગતો હતો. પછીને દિવસે પણ બ્રેડમેનનો આ ઝંઝાવાત ચાલુ રહ્યો. બ્રેડમેને ૩૩૯ મિનિટમાં ૨૫ ચોગ્ગા સાથે ૨૫૪ રન કર્યા. એક્સ્ટ્રા કવર પર સુકાની ચેપમેનના આબાદ કેચને કારણે બ્રેડમેન આઉટ થયો. ખુદ બ્રેડમેનના કહેવા મુજબ આ એમની સૌથી મહાન ઇનિંગ હતી, કારણ કે દરેક દડો જે બાજુએ ફટકારવા ચાહતો હતો તે બાજુ જ જતો હતો.

**સફળ સુકાની તરીકે**

૧૯૩૬માં બ્રેડમેનની પસંદગી ઓસ્ટ્રેલિયાની ટીમના સુકાની તરીકે થઇ હતી અનેતેમનો મુકાબલો ઇંગ્લેન્ડના સુકાની જી.ઓ. એલનની ટીમ સાથે હતો. તેઓ શરૂઆતની બે ટેસ્ટોમાં સારો દેખાવ કરી શક્યા ન હતા. પરંતુ ત્યારબાદ ૨૭૦ રન સાથે શ્રેષ્ઠ દેખાવ કરીને 'રબર' જીતી લીધું હતું. બીજા વિશ્વયુદ્ધ પછી પણ તેઓ સુકાની તરીકે ચાલુ રહ્યા અને ૧૯૪૬ અને ૧૯૪૮માં ઓસ્ટ્રેલિયાને ફરીથી વિજય અપાવ્યો. આ રીતે તેઓ ફક્ત એક સારા ખેલાડી જ નહિ પણ એક હોશિયાર, જાણકાર, સમજદાર, મહેનતુ અને સફળ સુકાની પણ હતા.

**'નાઇટ'ની ઉપાધિ**

૧૯૪૯માં 'નાઇટ'ની ઉપાધિથી સમ્માનિત થનાર તેઓ ઓસ્ટ્રેલિયાના સૌ પ્રથમ ક્રિકેટ ખેલાડી હતા. આ રીતે બ્રેડમેન 'સર બ્રેડમેન' તરીકે સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત થઇ ગયા. તેઓએ ૧૯૪૮માં 'ક્રિકેટ જગત' માંથી સંન્યાસ લઇ લીધો હતો. ઘણા સમય સુધી તેમના ૨૯ શતક કીર્તિમાન તરીકે રહ્યા હતા. ત્યારબાદ તેઓ ઓસ્ટ્રેલિયા ક્રિકેટટીમ પસંદગી સમિતિના 'અધ્યક્ષ' બની ગયા હતા. આજે સમગ્ર વિશ્વ તેમને 'રન સ્કોરીંગ મશીન' અને 'ઓસ્ટ્રેલિયાનું ગૌરવ' તરીકે ઓળખે છે. તેમણે ક્રિકેટના કેટલાંક પુસ્તકો પણ લખ્યાં હતાં, જે ક્રિકેટ જગતના ખૂબ જ મહત્ત્વપૂર્ણ પુસ્તકો ગણાય છે. એટલે જ કહેવામાં આવે છે કે ક્રિકેટ જગતમાં 'બ્રેડમેન એટલે બ્રેડમેન'!.

(બી-૧, સ્વીસ એવન્યુ, પટેલ કોલોની, માણેકબાગ હોલ
સામે, આંબાવાડી, અમદાવાદ- ૩૮૦૦૧૫
મો: ૯૮૯૮૮૭૦૮૪૦)

# Didactics of Modern day Pedagogy

Sagar Desai

Many a times it is felt, why would someone like to become a teacher? For this there must definitely be a relation to the past. Many concepts are unknown as a student but as maturity accompanies you, it becomes clearer. During this period feeling of loneliness may be experienced. So as and when you are going through feelings likewise you tend to also undergo the urge for a change. Which emerges like, "I would never teach like this, in fact I would have used the other approach". Many subjects like, Professional practice, Surveying etc. and in the field of Architecture are not too interesting both for the students as well as the faculty.

Since, due attention by the teachers themselves, the students follow similar trend. Overall Design subjects in this education is given the utmost importance and therefore the students are carried away in this direction. Whereas the theory subjects must be taught with logic and the students must be equipped with reasoning power. The best way to bridge the gap is giving them by providing freedom, the only prerequisite is that there must be learning taking place. Let them drink tea in the class while learning, eat, sit in different postures. This would make them feel they must learn since they are given all the facilities. Inspiration is very important factor for students, many a times it is found that the freedom of questioning is taken away from the students. The students must be free to question anything and everything which may also benefit the class as a whole. Another way of inspiring and encouraging this is to talk about current issues and ending it on a note of either exclamation or curiosity.

A teacher's role consists of (a) imparting knowledge (b) Confirmation of Knowledge Delivery (c) Reproduction of Knowledge (d) Repetition if necessary & (e) Evaluation.

(a) Imparting Knowledge: Gone are the days, when only black boards were available. In modern days many different kinds of tools are available like power points, projectors etc.

(b) Confirmation of Knowledge: When knowledge is imparted to the students, the absorption capacity of the students must also be judged by the teacher, too much or too little will not workout although the teacher may be very optimistic or enthusiastic or both.

(c) Reproduction of Knowledge: When the teaching is finished, the students must be able to reproduce what is taught. This can be done by taking oral or small tests.

(d) Repetition if Necessary: Goes without saying.

(e) Evaluation: This is in the form of exams etc.

Many times the students ask questions which would strike a strong research question. On different occasions this has helped us to transform such questions into research papers. Help can also be taken from students, which in turn would give them exposure to research and they provide data for research framework. We take the students to the site under construction where they ask several questions, some notorious ones do ask to check our knowledge. One should not get angry on such occasion but in a vital way answer the students and question them further if they fail, ask them to research it and get the answer. In this way learning wins, many times certain queries are difficult for the teacher so one must refer and get back to the students. Over and above all, teaching has changes over the tines. Initial days were not equipped with facilities like internet and libraries were the only source of extra knowledge but with the help of telecommunication, internet and social media

અનુસંધાન પાન નં. ૨૮ પર

॥ વિદ્યાવૃત્ત ॥

## ચારુતર વિદ્યામંડળના ગ્રીન ઓડિટ સેલ તરફથી પ્રમાણપત્રનું વિતરણ

ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી ભીખુભાઈ પટેલ સાહેબે અને વાઈસ પ્રેસિડન્ટશ્રી મનીષભાઈ પટેલ સાહેબે ગ્રીન ઓડિટ સેલના કો-ઓર્ડિનેટર પ્રો. નિર્મલ કુમાર, સીવીએમના નોન-એકેડેમિક ફોરમના કો-ઓર્ડિનેટર ડો. યોગેશ પટેલ અને સીવીએમના કાર્યકારી મંત્રીશ્રી બી.પી. પટેલની હાજરીમાં આજરોજ વી.પી. સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ ડો. ભાવેશ પટેલને તેમની સંસ્થાનો ગ્રીન ઓડિટમાં "એ" ગ્રેડ આવવા બદલ પ્રમાણપત્ર એનાયત કર્યું હતું. અત્યાર સુધી ચારુતર વિદ્યામંડળ સંચાલિત સઘળી સંસ્થાઓનું ગ્રીન ઓડિટ સર્વેક્ષણ સફળ રીતે પૂર્ણ થયેલ છે.

## જી.એચ. પટેલ એન્જિનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા એન્જિનીયર્સ દિવસની ઉજવણી

જી.એચ. પટેલ કોલેજના મિકેનિકલ એન્જિનીયરિંગ ડીપાર્ટમેન્ટ દ્વારા ૧૫ સપ્ટેમ્બરના રોજ 'એન્જિનીયર્સ દિવસ' ઊજવવામાં આવ્યો. ભારતમાં આ દિવસ સર વિશ્વસરેયાના જન્મદિવસ નિમિત્તે ઉજવવામાં આવે છે. આ વર્ષની ઉજવણીની થીમ "ડીજિટલ ટ્રાન્સફોર્મેશન" હતી.

આ ઉજવણીના ભાગરૂપે વિવિધ યાંત્રિક સ્પર્ધા યોજવામાં આવી હતી. અલગ અલગ ઈવેન્ટમાં ૧૭૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. 'ડિજિટલ ટ્રાન્સફોર્મેશન' વિષય ઉપર ડૉ. સોહીલ પંડ્યાએ વક્તવ્ય આપ્યું. મિકેનિકલ એન્જિનીયરિંગના છેલ્લા વર્ષના વિદ્યાર્થી ધ્રુવ આપ્ટેએ પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા. આ કાર્યક્રમનું આયોજન એ એસ.એમ. ઇ. સ્ટુડન્ટ સેક્શનના સભ્યોએ કર્યું. ફેકલ્ટી કો-ઓર્ડીનેટર આકર્શ જૈન અને પૂર્ણાંક ભટ્ટે ડીપાર્ટમેન્ટના હેડ ડૉ. દર્શક દેસાઇ અને પ્રિન્સિપાલ ડૉ. હિમાંશુ સોનીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## એસ.એસ.પટેલ કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગરનું ગૌરવ

તારીખ : ૨૧/૧૦/૨૦૧૮ ના રોજ સુરત ખાતે યોજાયેલ રાજ્ય લેવલની સીનિયર રેસલિંગ ચેમ્પિયનશિપ સ્પર્ધામાં ચારુતર વિદ્યામંડળ સંચાલિત



એસ.એસ.પટેલ કોલેજ ઓફ ફિઝિકલ એજયુકેશનના પ્રથમ સત્રમાં અભ્યાસ કરતા તાલીમાર્થી શ્રી અશોકકુમાર કરશનભાઇ ચૌધરીએ ૬૧ કે.જી. કેટેગરીમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે.તેમજ નેશનલ લેવલની સ્પર્ધામાં પસંદગી પામી મંડળ તેમજ કોલેજનું નામ રોશન કરેલ છે, જે બદલ મંડળના પદાધિકારીશ્રીઓ, સહમંત્રીશ્રી મેહુલભાઈ પટેલ સાહેબ તેમજ કોલેજના આચાર્યશ્રી બી.એલ.નાગર સાહેબ તેમજ સ્ટાફગણે શુભેચ્છાઓ પાઠવી આશીર્વાદ આપ્યા છે.

## બીવીએમમાં સુપર સેલનું પાઈલમાં ઈન્સ્ટોલેશન કરીને અમદાવાદમાં અનાવરણ કરાયું

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બીવીએમ એન્જિનિયરીંગ કોલેજના આચાર્ય વિદ્યાસાગર રિસર્ચ સેન્ટર પર આવેલ સુપર સેલ કેલિબ્રેશન યુનિટ દ્વારા સુપર સેલનું પાઈલમાં ઈન્સ્ટોલેશન કરીને અમદાવાદ ખાતે તાજેતરમાં અનાવરણ કરાયું હતું.

બીવીએમ એન્જિનિયરીંગ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. ઈન્દ્રજીત પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં સર્વપ્રથમ વખત આ પ્રકારનું બાયડાયરેક્શનલ સ્ટેટિક પાઈલ લોડ ટેસ્ટ સુપરસેલ કેલિબ્રેશન યુનિટ ખાતે કરવામાં આવ્યું છે. જેનો ઉપયોગ અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે સરદારબ્રિજ તથા એલિસબ્રીજની વચ્ચે આવેલ બ્રિજ ખાતે કરાશે. સુપર સેલ દ્વારા કેલિબ્રેટેડ પાઈલ ૧૫૦૦ મિલિમીટર ડાયામીટર તથા ૪૨ મીટર ઊંડાઇ ધરાવે છે. જેથી ક્ષમતા ૧૭૫૦ ટન વજનની છે. સુપર સેલ ટેકનોલોજીથી પાઈલના કન્સ્ટ્રક્શન પોર્સ અને બેરિંગ રેઝિસ્ટન્સમાં ઈમ્પ્રુવમેન્ટ આવવાથી પાઈલની સાઈજમાં ઘાટડો કરી શકાય છે. જેના લીધે કુલ કન્સ્ટ્રક્શન ખર્ચમાં

ત્રીસ ટકા સુધીનો ઘટાડો કરી શકાય છે.

કેનેડા ખાતે ડેવલપ થયેલ સુપરસેલ ટેકનોલોજીનો હાલમાં દ્વારકા તથા બેટ દ્વારકા વચ્ચેના ફોર લેન સિગ્નેચર બ્રિજમાં ઉપયોગ કરવામાં આવશે. સુપર સેલ મેક ઈન ઈન્ડિયા હેઠળ ટૂંક સમયમાંગુજરાતમાં પણ મેન્યુફેક્ચરિંગ યુનિટ શરૂ કરશે. જેમાં પણ પાઈલ લોડ ટેસ્ટ એન્ડ કેલિબ્રેશન બીવીએમ ખાતેના આચાર્ય વિદ્યાસાગર રિસર્ચ સેન્ટર ખાતે સ્થપાયેલ સુપરસેલ કેલિબ્રેશન યુનિટ દ્વારા કરાશે. આ પ્રસંગે સેટ એન્જિનિયરીંગ કેનેડાના સ્નેહલ પટેલ, પ્રો. સુમંત પટેલ, પ્રો. બી.આર. દલવાડી, પ્રો. વિમલેશ અગ્રવાલ, યજ્ઞપ્રિય સ્વામી, અક્ષયમુનિ સ્વામી, સેપ્ટ યુનિવર્સિટી અને રિવરફ્રન્ટના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

**ખેલ મહાકુંભ ૨૦૧૮માં એસ.ડી. દેસાઈ હાઈસ્કૂલની સિદ્ધિ**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત એસ.ડી. દેસાઈ હાઈસ્કૂલે છેલ્લા બે વર્ષથી ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લાની શ્રેષ્ઠશાળા તરીકેનું બહુમાન પ્રાપ્ત કરેલું છે. ચાલુ વર્ષે પણ ખેલ મહાકુંભ અંતર્ગત યોજાતી વિવિધ સ્પર્ધાઓમાં શાળાનો ઉત્કૃષ્ટ દેખાવ રહ્યો હતો. વિવિધ રમતો જેવી કે ખોખો (અં-૧૭, અને અં-૧૪), યોગાસન જુડો, કુસ્તી, રસ્સીખેંચ જેવી સ્પર્ધામાં શાળા જિલ્લા કક્ષાએ અગ્રેસર રહી હતી. જેમાં હાલ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ અં-૧૭ અને અં-૧૪ ગ્રુપમાં કુલ ત્રણ લાખ પાંચ હજાર જેટલી રકમના રોકડ ઈનામો પ્રાપ્ત કર્યા. જ્યારે ઓપન ગ્રુપમાં શાળામાં અગાઉ અભ્યાસ કરી ગયેલા વિદ્યાર્થીઓએ કુલ ૧ લાખ ૪૫ હજારના ઇનામો પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે. એમની આ સિદ્ધિ બદલ ચારુતર વિદ્યામંડળના ચેરમેનશ્રીએ તથા મંત્રીશ્રીએ શાળાના આચાર્યશ્રી, વ્યાયામ શિક્ષક તથા વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

**એસ.ડી. દેસાઈ હાઈસ્કૂલ, વલ્લભ વિદ્યાનગરના યજમાન પદે આઈ.સી.ટી. વર્કશોપ યોજાયો**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત એસ.ડી. દેસાઈ હાઈસ્કૂલ વલ્લભ વિદ્યાનગરના નેતૃત્વ હેઠળ સીવીએમની દસ શાળાઓના પ્રતિનિધિ શિક્ષકોની સજ્જતા વધારવાના હેતુસર તા. ૬,૭,-૧૦-૨૦૧૮ના રોજ 'Use of ICT in School Learning Technique' બે દિવસના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૬-૧૦-૨૦૧૮ના રોજ સીવીએમના માનદ મંત્રીશ્રી ડૉ. એસ.જી. પટેલ સાહેબના અધ્યક્ષ સ્થાને સેમિનારની શરૂઆત થઇ હતી. ડાયરેક્ટર જનરલ ડૉ. નિખિલ ઝવેરી સાહેબ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત હતા. ડૉ. નિખિળ ઝવેરી સાહેબે Joy of creation, Robotics, virtual Intelligence, Innovation steps, Capacity to Learn, artificial Neuron network, STEM learning one child one learning, Convert weakness into strength જેવા મુદ્દાઓથી શિક્ષકોને પરિચિત કર્યા હતા. વર્કશોપમાં ICT નિષ્ણાત ઓપન એજ્યુકેશન, રીસોર્સઝ- ક્રિએશનમાં તજજ્ઞ નિષ્ણાતની ભૂમિકા ભજવનાર નિવૃત્ત પ્રોફેસર કે.આર.પી. ડૉ. નવનીતભાઈ રાઠોડ સાહેબે વ્યાવસાયિક સજ્જતાની અનિવાર્યતા પર પ્રકાશ પાડી બે દિવસના વર્કશોપની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. ડૉ. એસ.જી. પટેલ સાહેબે વર્કશોપમાં સહભાગી શિક્ષકોને પ્રોત્સાહિત કર્યા હતા.

આ વર્કશોપમાં નેશનલ એવોર્ડ વિજેતા શ્રી પૂરણભાઇ ગોંડલીયા, તેમની સાથે મેહુલભાઇ એલ. હરસોરા, નિલેશકુમાર નાથાની, અમિતકુમાર કે. મજીઠિયા, શ્રી બલદેવ પરી, કમલેશભાઇ શાહ, અને અલ્પેશભાઇ ભટ્ટની સમગ્ર ટીમે આર.પી. તરીકે કામગીરી કરેલ હતી. બધા જ શિક્ષક મિત્રોને ઓડિયો-વિડિયો અને પ્રોજેક્ટર પર બાળકો પોતાની જાતે, કોઇપણ ખર્ચ વગર, ઘરે બેઠાં કેવી રીતે શીખી શકે તેની બે દિવસના જુદા-જુદા દસ સેશનમાં વિસ્તૃત રજૂઆત કરી હતી.

તા. ૦૭-૧૦-૨૦૧૮ના રોજ અંતિમ સેશનના સમાપન સમારંભમાં સીવીએમના કુલપતિ ડૉ. ભાવેશભાઇ અધ્યક્ષ સ્થાને તથા સી.ડી.સી.ના ડાયરેક્ટર ડૉ. જાડેજા સાહેબ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. એસ.ડી. દેસાઇ હાઇસ્કૂલના આચાર્યશ્રી દિપકભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ શાળા પરિવારની સમગ્ર ટીમે વર્કશોપને સાચા અર્થમાં સફળ બનાવ્યો હતો.

**આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલમાં યોજાયેલ અખિલ ભારતીય હિન્દી પરીક્ષા**

મહાત્મા ગાંધી રાષ્ટ્રભાષા હિન્દી પ્રચાર સમિતિ પુણે દ્વારા આયોજિત અખિલ ભારતીય હિન્દી પ્રતિયોગિતા

પરીક્ષા પ્રથમ સત્રમાં આયોજિત કરવામાં આવી હતી. તેમાં અમારી શાળાનાં ૫૯ વિદ્યાર્થિઓએ ભાગ લીધો હતો. તેમાં શાળાનાં ધોરણ ૧૦નાં વિદ્યાર્થી પાર્થ સુરેશચન્દ્ર ઠાકોરને 'ભાષારત્ન' પરીક્ષામાં પ્રથમ પુરસ્કાર આપવામાં આવ્યો છે. આ ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ અખિલ ભારતીય રાષ્ટ્રભાષા હિન્દી પ્રચાર સમિતિ દ્વારા તેને ગોલ્ડ મેડલ તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યો છે. શાળાના આચાર્ય ડૉ. મહેશભાઇ ખ્રિસ્તીએ વિદ્યાર્થીઓને અભિનંદન આપીને પ્રોત્સાહિત કર્યા છે તથા માર્ગદર્શક શિક્ષિકા શ્રીમતી પુષ્પાબહેન પરમારને પણ અભિનંદન પાઠવ્યા છે.

**રાઈફલ શુટીંગમાં ટી.વી.પટેલ હાયર સેકન્ડરીનું ગૌરવ**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરી-સામાન્ય પ્રવાહનાં ધો.૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કું.નિધિ સુનીલભાઈ ચૌહાણ "આણંદ જિલ્લા રાઈફલ શૂટિંગ એસોસીએશન દ્વારા આયોજિત "ઓપન સાઈટ એર રાઈફલ-જુનીયર ગર્લ્સ-અન્ડર-૧૮ સ્પર્ધામાં સમગ્ર જિલ્લામાં પ્રથમ નંબર મેળવી-ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી ટી.વી.પટેલ હાયર સેકન્ડરી અને ચારુતર વિદ્યામંડળને ગૌરવ અપાવ્યું તે બદલ સી.વી.એમના જોઈન્ટ સેક્રેટરી શ્રી કે.એસ.પટેલ સાહેબના વરદહસ્તે ગોલ્ડ મેડલ તથા આચાર્યશ્રી વિજયકુમાર સુથારના હસ્તે પ્રશસ્તિપત્ર એનાયત કરી કું.નિધિ ચૌહાણને શાળા તેમજ વિદ્યામંડળ તરફથી ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી

**ટી.વી.પટેલ હાયર સેકન્ડરી દ્વારા મહારાષ્ટ્રનો પ્રવાસ યોજાયો**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરીમાંથી આચાર્યશ્રી વિજયકુમાર સુથારના માર્ગદર્શન હેઠળ શાળાકીય પ્રવાસ સમિતિના શિક્ષકો શ્રી હર્ષદકુમાર વાઘેલા, શ્રી આર.જે.મેકવાન, શ્રી કે.એન.જોષી અને શ્રીમતી પી.આર.મિસ્ત્રી દ્વારા મહારાષ્ટ્ર પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઉનાઇ, સાપુતારા, નાસિક, ત્રંબક, શિરડી, શનિ-શિંગણાપુર, ઔરંગાબાદ, ધુશ્મેશ્વર અને ઈલોરા જેવા સ્થળોના ચાર દિવસીય પ્રવાસમાં વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ખૂબ ઉત્સાહભેર ભાગ લઇ ઉનાઇ-કુદરતી ગરમ પાણીના કુંડથી સ્નાન કર્યું, સાપુતારા જેવા નયનરમ્ય નૈસર્ગિક વાતાવરણની આહલાદકતા માણવાનો અનેરો ઉત્સાહ પામ્યા, ધાર્મિક મહત્વ ધરાવતા શિરડી સાઇબાબા મંદિર, શનૈશ્વરધામ અને રામાયણકાળથી પ્રસિદ્ધ મંદિરોની નગરી નાસિક તથા દ્વાદશ જ્યોર્તિલિંગમાં પૌરાણિક મહત્વ ધરાવતા ત્રંબકેશ્વર અને ધુશ્મેશ્વર જ્યોર્તિલિંગનાં દર્શન કરી ધન્યતા અનુભવી ઉપરાંત ઔરંગાબાદ અને ઈલોરાની બોદ્ધ ગુફાઓ જેવા ઐતિહાસિક-ભોગોલિક સ્થળોની મુલાકાત લઇ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ આનંદ ઉત્સાહ વ્યક્ત કરતાં આવા પ્રવાસનું સુચારુ આયોજન કરવા બદલ આચાર્યશ્રી અને પ્રવાસ સમિતિના શિક્ષકોનો આભાર વ્યક્ત કર્યો હતો

અનુસંધાન પાન નં. ૨૬ પરનું

things have drastically changed.

But even in these days we believe that the old school of thought is still emerged as winner since many different media provide wrong information or half knowledge which is very dangerous. Therefore, if a teacher have not done his/her homework he/she is in trouble, so having the right concepts and an analytical mind is definitely required for a teacher.

(Faculty of Architecture, SMAID, New Vallabh-Vidyanagar (M) 9925280887, sagardesai80887@yahoo.com)

## ।। સૂચના ।।

૧. ‘વિ-વિદ્યાનગર’ વલ્લભ વિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશિત થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કાર વિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામાયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિત ઉપરાંત સંચય સ્વરૂપ (digest)માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. ।વિ।માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂરી છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે લેખકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઈન્લેન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગૂજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસારની જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના લખાણના અભિપ્રાયની જવાબદારી સંબંધિત લેખકની જ રહેશે, તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. ।વિ। માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઈએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી લેખકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે એક-બે માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃત કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલખર્ચ ન મોકલવું. પ્રત્યેક કૃતિ નીચે લેખકે પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું. લેખ સાથે મોકલેલ ફોટોગ્રાફ્સ ઓછામાં ઓછા ૩૦૦ ડીપીઆઇના હશે તો જ છાપવામાં આવશે. વોટ્સએપ પર મોકલેલ ફોટા સ્વીકારવામાં આવશે નહીં.

૫. ‘વિ-વિદ્યાનગર’ દર માસની પાંચમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોકસાઈથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૬. લવાજમ વાર્ષિક-આજીવન રૂબરૂમાં-મની ઓર્ડરથી-બેન્ક ડ્રાફ્ટ-ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ-સરનામું, પિનકોડ સાથે લખવું. બહારગામના બેન્ક ડ્રાફ્ટ-ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઇ શકાય છે. લવાજમ **‘ચારુતર વિદ્યામંડળ’**ના નામે મોકલવું.

૭. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમનાં સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૮. વિ-વિદ્યાનગરને લગતી વધુ માહિતી માટે www.vvidyanagar.co.in ની મુલાકાત લો.

૯. વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવોઃ


**ઉર્વીશ છાયા**

**તંત્રીશ્રી, વિ-વિદ્યાનગર, આસિ. પ્રોફેસર, એન.વી. પટેલ સાયન્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર**

ઈ-મેઈલઃ editor.vidyanagar@gmail.com, urvish.chhaya@gmail.com


લવાજમઃ **વાર્ષિક** : ₹ ૧૫૦, સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ ₹ ૧૦૦

**આજીવન :** ₹ ૧૫૦૦

**વિદેશમાં :** ૨૫ $ અથવા ૧૫ **£** આજીવન ૧૦૦ $ અથવા ૭૦ **£**

**છૂટક નકલની કિંમતઃ** ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦



ચારુતર વિદ્યામંડળ સંચાલિત બીવીએમ એન્જિનિયરિંગ કોલેજ તથા એબીબી લિમિટેડ કંપની વચ્ચે થયેલા એમઓયુ પ્રસંગે લેવાયેલ તસવીરમાં એબીબી ગ્લોબલ લિમિટેડ, સ્પેનના પ્રતિનિધિ તથા ટેકનીકલ હેડ ડૉ. ડેનિયલ તથા સીવીએમના પ્રતિનિધિઓ માનદમંત્રીશ્રી ડૉ.એસ.જી. પટેલ, સહમંત્રીશ્રી પ્રિ. આર.સી. તલાટી, બીવીએમ કોલેજના આચાર્ય ડૉ. ઈન્દ્રજિત પટેલ તથા અન્ય મહાનુભાવો દશ્યમાન થાય છે.




ચારુતર વિદ્યામંડળ સંચાલિત એસ.ડી. દેસાઈ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભ ૨૦૧૮માં મેળવેલ સિદ્ધિ બદલ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવતા ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી ઈજનેર ભીખુભાઈ પટેલ, માનદમંત્રીશ્રી ડૉ. એસ.જી. પટેલ શાળાના આચાર્ય શ્રી વ્યાયામ શિક્ષક તથા વિદ્યાર્થીઓ દશ્યમાન થાય છે.

V-Vidyanagar 20 (12)
Published on Wednesday, 05.12.2018
No. of Pages 32 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

December 2018

Postal Regd. No. AND/318/2018-20
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month

# Kanaiyalal Maneklal Munshi



**30-12-1887 to 8-02-1971**

***"Patience is the highest offering and the Lord loves to receive it."***

**Editor: Dr. Urvish Chhaya**

**Printed at Anand Press, Anand 388 001**

Printed, Published and owned by Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)